# બે નૂરની મીલાદ

**પહેલું નુર :-**

શાબાન મહિનાની ત્રીજી તારીખ અને હિજરતે નબવીનું ચોથુ વરસ હતુ કે આગોશે ઝેહરાએ મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.) માં ઈમામતના ત્રીજા નૂરનો ઉદય થયો ખુદાએ અઝઝા વ જલ્લની આઠમી હુજ્જત અલી બિન મૂસા અલ રેઝા (અ.સ.) નું બયાન છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.સ.) પેદા થયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ અસ્મા બિન્તે ઉમેસને ફરમાવ્યું કે ઓ અસ્મા! લાવો મારા દિકરાને અસ્મા કહે છે હું એ હઝરત (અ.સ.) ને હઝરત રિસાલત મઆબ (સ.અ.વ.) ની ખિદમતમાં લઈ ગઈ, હઝરત ખતમી મરતબને પોતાની પાસે લઈને જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહી. પછી જીબ્રઈલ (અ.સ.) નાઝિલ થયા અને કહેવા લાગ્યા કે હક તઆલા આપને સલામ કહે છે અને ફરમાવે છે અલી (અ.સ.) ની નિસ્બત તમારી સાથે એવી જ છે જેવી હારૂન (અ.સ.) ની નિસ્બત મૂસા (અ.સ.) થી હતી. હારૂનના નાના દિકરાના નામ પર આનુ નામ શબ્બર રાખો અને કેમ કે આપની અરબી જબાન છે તેથી આનુ નામ "હુસયન" રાખો. રસુલે અકરમ (સ.અ.વ.) એ બાળકને ચુમી લઈ ફરમાવવા લાગ્યા : મારા લાલ! અઝીમ મુસીબત તારી સામે આવશે. ખુદાયા! લાઅનત ફરમાવ એના કાતિલો પર પછી ફરમાવ્યું એ અસ્મા! આ વાત ફાતેમાને ન કહેતા સાતમા દિવસે રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવ્યું કે મારા ફરઝન્દને લાવો જ્યારે એમને આં હઝરત (સ.અ.વ.) પાસે લઈ ગઈ તો એક કાળુ અને સફેદ ઘેટું અકીકા માટે લાવવામાં આવ્યું. એની એક રાન દાયણને આપવામાં આવી. એ હઝરત (અ.સ.) ના માથાના વાળ માંડવામાં આવયા અને વાળના વજન પ્રમાણે ચાંદી, સદકો આપવામાં આવ્યો પછી પોતાના ખોળામાં લઈને ફરમાવ્યું :

ઓ અબુ અબ્દુલ્લાહ ! તારૂ કત્લ થવુ મારા પર કેટલુ સખ્ત ગુજરશે. આમ કહીને આં હઝરત (સ.અ.વ.) ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા.

અસ્માએ કહ્યું : મારા મા – બાપ આપ પર કુરબાન થાય. આ કેવી ખબર છે કે જે આપ (સ.અ.વ.) એ વિલાદતના પહેલા જ દિવસે સંભળાવી હતી. અને આજે પણ સંભળાવી રહ્યા છો! અને રડી રહ્યા છો. આં હઝરત (સ.અ.વ.) ફરમાવ્યું કે હું મારા આ જીગરના ટુકડા પર એ માટે રડી રહ્યો છુ કે બની ઉમય્યાની એક સિગમગર અને જાલીમ જમાઅત એને શહીદ કરશે. ખુદાવંદે આલમ મારી શફાઅત આ જમાઅતને નસીબ ન કરે. આને એ શખ્સ કત્લ કરશે જે મારા દીનમાં ફિત્નો પેદા કરશે. પછી આપે ફરમાવ્યું કે હું ખુદાની બારગાહમાં આ બન્ને ફરઝંદો માટે એ જ સવાલ કરૂં છું જે ઈબ્રાહીમ (અ.સ.) એ પોતાના વંશ અને અવલાદમાટે કર્યો હતો કે ખુદાવન્દા! તું એમને દોસ્ત રાખજે એમને દોસ્ત રાખે અને એ લોકો પર લાઅનત કરજે એમને દુશ્મન રાખે. અને એવી રીતે લાઅનત કર કે જમીન અને આસ્માન ઉભરાઈ જાય. (તારી લાઅનતથી). (મુન્તહુલ આમાલ)

**બીજુ નુર : –**

શાબાનુલ મોઅઝઝમની પંદરમી રાત, ૨૫૫ હિજરીમાં ખુદાવન્દે આલમ મુતંઆલએ અગ્યારમાં પેશવા ઈમામ હસન અસ્કરી (અ.સ.) ને એક એવો ફરઝન્દ અતા કર્યો જેનું નામ "મોહમ્મદ" રાખવામાં આવ્યું. આ ફરઝન્દની માતા રોમના એશિયાઈ કુચકની રહેવાવાળા હતા. જેમનું પવિત્ર નામ "નરગીસ" (અરબી ભાષામાં નરજીસ) હતું. ઈફફત તકવા અને પવિત્રતામાં કમાલની મંઝિલ પર ફાએઝ હતા જાતી સિફતોની સાથે સાથે ઈમામ અલી નકી (અ.સ.) ની હુઝુરમાં રહીને જે લાભ મેળવ્યો તેના થકી તેમનું વ્યક્તિત્વ ખીલી ઉઠ્યું તેથી ઈમામ અલી નકી (અ.સ.) એ પોતાના ફરઝંદે અરજુમન્દ ઈમામ હસન અસ્કરી (અ.સ.) ની ઝવજીયત માટે પસંદ કરી લીધા.

શીયાઓના ઈમામે મવઉદ બાપની તરફથી એવા ફઝાએલ અને કરામાત અને માની તરફથી એવા ગુણો અને પાકીઝગીનો વારસો લઈને આ દુન્યામાં તશરીફ લાવ્યા કે મુબારક વજુદથી મઝલુમ અને રિબાએલી પ્રજા અને ફિદાકારોના દિલમાં ઉમ્મીદની કિરણ પેદા કરી દીધી.

આ નવજાત બાળક રહસ્યપૂર્ણ અને ભયજનક વાતાવરણમાં ૨૬૦ હિજરી સુધી પોતાના વાલીદે બુઝુર્ગવારની હિફાઝતમાં રહ્યા અબ્બાસી હાકીમો અને સુલેતાનને આ શુકનવંતા બાળકની બેખબર રાખવા માટે લોકોની નજરથી છુપા રાખવામાં આવ્યા ઈમામ હસન અસ્કરી (અ.સ.) ના અમૂક ખાસ દોસ્તો જ આપ (અ.સ.) ના બારામાં જાણતા હતા.

પીદરે બુઝુર્ગવારની શહાદત પછી મનસબે ઈમામત પર ફાએઝ થયા અને અલ્લાહના હુકુમથી ગયબત અખ્તેયાર કરી. ફક્ત આપના ખાસ નાએબીનથી જ આપ મુલાકાત કરતા તે સિવાય આપ કોઈની સાથે મુલાકાત ન્હોતા કરતા અને જાહેર પણ ન થતા.

"મોહમ્મદ" અલ હુજ્જતુલ મહદીની સિવાય અગ્યારમાં ઈમામ (અ.સ.) ને બીજી અવલાદ કે ફરઝંદ ન હતા. પોતાના પિદરે બુઝુર્ગવારની શહાદત સમયે આપની ઉમ્ર મુબારક પાંચ વર્ષની હતી. ખુદાવન્દે આલમે એમને પોતાની હિકમતની મરકઝ (મધ્યબિન્દુ) સ્થાપીત કર્યા. એ હઝરત (અ.સ.) યહ્યા (અ.સ.) ની જેમ બાળપણમાં જ ઈમામતના મનસબ પર ફાએઝ થયા. હઝરત ઈસા (અ.સ.) જેમણે બાળપણમાં જ નુબુવ્વતનો ઉચ્ચ દરજ્જો હાસીલથઈ આ વાત સૂર્યના પ્રકાશની જેમ જાહેર રીતે કહી શકાય છે કે ખુદાએ અઝઝા વ જલ્લાના તમામ પયગમ્બરોને ખાસ કરીને ઈસ્લામના અઝીમુલ મરતબત પયગમ્બર સલ્લાહો અલ્યહે વ આલેહીએ આપ (અ.ત.ફ.) ને "સાહેબુલ સૈફ અલ કાએમ" અને "અલ અબ્દુસ્સાલેહ" કહીને આપની તારીફ અને ઓળખાણ કરી છે.

ખુદાની આ આખરી હુજ્જત આજે પણ ગૈબતના પરદમાં રહીને કાએનાત આલમને પોતાના અસ્તિત્વના ભરપુર લાભ થકી ફાયદો પહોંચાડી રહ્યા છે.

اِنَّ الْحَقَّ مَعَنَا وَ فِيْنَا لَا يَقُوْلُ ذٰلِک سَوَانَا
اِلَّا کَذَّابٌ مُفْتَرٍ وَلَا يَدَّعِيْهِ غَيْرُنَا اِلَّا ضَآلٌّ
غَوِیٌّ -

બેશક હક અમારી સાથે છે અને અમારા હાથોમાં છે, અમારા સિવાય જ કોઈ આ વાતનો દાવો કરશે તે જૂઠો મનઘડત વાતો કરનાર. ગુમરાહ અને ભટકેલો છે. (બેહાર જી. ૫૩)

# સલામ તુજ પર

સલામ હો માનવ જગતની વસંત જમાનાના લોકોને ખુશી તથા પ્રસન્નતા પ્રદાન કરનાર પર.... જેના પર તમામ પયગમ્બરોની વારસો ખતમ થાય છે.

સલામ તે નીમએ – શાબાનના જન્મેલા પર. જેણે હિજરી સન ૨૫૫ માં તો ફાટતી વેળાએ ઈમામ હસન અસ્કરી (અ.સ.)ના મુકદ્દસ ઘરમાં આંખો ખોલી.

સલમા તે મધ્ય શાબાનના નવજાત શિશુ પર જે ઈમામતના વૃક્ષન અંતિમ ફળ છે. અને જે પૃથ્વી પટ પર ખુદાઈ ખિલાફતનો ધ્વજ વાહક છે.

સલામ ઝહરા (સ.અ.) ની જીગરના ટુકડા અને હુસૈને – મઝલૂમના લોહીનું વેર વાળનાર પર.

સલામ તે તારા પર જે વિલાયતના આભનો અંતિમ ચમકદાર સિતારો છે અને જે અસ્મત તથા તહારતના ખજાનાનું એકમાત્ર બાકી રહેનારું પાણીદાર મોતી છે.

સલામ તે ચંદ્રમાં પર જે રાતના અંધકારમાં ચમકીને પોતાની રાહના મુસાફરોના મનમાં આશાનું કિરણ પ્રગટવે છે.

સલામ તે ઝળહળતા સૂર્ય પર જે ગૈબના પડદામાં ઓઝલ રહેવા છતાં પણ જો કે આંખ તેને જોવીન ક્ષમતા નથી ધરાવતી તો પણ સકળ સૃષ્ટિના વાતાવરણને આવરી રાખે છે. અને જેની રોશનીથી કાએનાતની રજેરજ જગમગી રહેલ છે.

સલામ તે હુજ્જતે – ખુદા પર. જેના અસ્તિત્વ વિના જમીન એક ક્ષણને માટે પણ કાયમ નથી રહી શકતી. અને જેના વાસ્તા વગર એક દાણો પણ તેમાંથી ઉગી નથી શકતો.

સલામ તે ઈમામ પર જે ખુદાના તમામ પેયગમ્બરોનો વારિસ અને અઈમ્મએ – અત્હાર અલયહિમુસ્સલામનો વારસદાર છે.

સલામ તે "યુસુફે – ફાતિમા" પર જે ગયબતમાં જીવન ગુજારી રહ્યો છે અને પોતાના ચાહનારાઓ કનેથી એવી આશા રાખે છે કે તેઓ પોતાના નેક આમાલ મારફતે તેની મદદ અને સહાયતા કરશે અને તેને ગયબતના પડદાની બહાર આણશે.

લામ તે નાખુદા પર જે જનાબે – નૂહની (અ.સ.) જેમ નજાતની નાવનું માર્ગદર્શન કરે છે અને પોતાના કયામ અને ઈન્કિલાબને જંઝાવાત દ્વારા દુનિયામાંથી કુફ્ર અને ઝુલ્મ અને નિફાકને ખત્મ કરી નાખશે અને પૃથ્વીપટના એકે એક ભાગ પર "લાઈલાહ ઈલ્લલ્લાહ" ની દા બુલંદ કરશે.

સલામ તે તે મહદીએ – દવરાં પર જે કલીમે – ખુદા મૂસા (અ.સ.) ની જેમ પોતાના કયામ મારફતે જમાનામાં ફિરઔન અને ફિરઔનઓને તેઓના ગર્વ, ઘમંડ અને માથાભારેપણની સજા આપશે અને ભારે બેઈજ્જતી સહિત તેઓને ધૂળ ભેગા કરી દેશે.

સલામ દીનને નવી જીંદગી આપનાર પર જે સચ્ચાઈ વડે કુફ્ર અને ઝુલ્મના કારણે મડદું થઈ ગએલ જમીનને નવજીવન પ્રદાન કરશે અને માનવતા પ્રાણહીન દેહને નવેસરથી સજીવ કરશે.

સલામ તે મહદી (અ.સ.) પર જેના કયામ અને ઈન્કિલાબથી હક અને સદાકતને પ્રભુત્વ પ્રાપ્ત થશે. અને જેના જમાનામાં ખુદાના નેક બંદાઓને હુકુમત હાસિલ થશે. અને તેઓજ જમીનના વારસ બનશે. અને તમારા પર પણ સલામ હે મહદી એ દવારાંના વ્હાલાઓ એ મહદી હમેશાં તમારી યાદમાં રહે છે. અને તમારી દુઆઓ પર આમીન કહે છે.

## અમારા આકા અને મૌલા ઈમામે ઝમા (અ.સ.) ના રહનુમા કલેમાત

طَلَبُ الْمَعَارِفِ مِنْ غَيْرِ طَرِيْقِنَا
اَهِلِ الْبَيْتِ مَسَاوِقٌ لِّاِنْ كَارِنَا۔

હમ અહલે બૈત – રસૂલના તરીકાથી હઠીને ઈલ્મ અને મારેફતની તલાશ એ અમારો ઈન્કાર કરવા સમાન છે. (દીનો – ફિતરત જી. ૧)

فَاِ نَّا يُحِيْطُ عِلْمُنَا بِاَنْبَآئِكُمْ وَ لَا
يَعْزُبُ عَنَّا شَيْئٌ مِنْ اَخْبَارِكُمْ۔

બેશક, અમારું ઈલ્મ તમારા હાલાત પર છવાએલું છે અને તમારી હાલતની કોઈ વાત અમારાથી છાની નથી. (બેહારુલ – અનવાર જી. ૫૩)

وَ بِىْ يَدْ فَعُ اللّٰهُ عَزَّوَ جَلَّ
الْبَلَآءَ عَنْ اَهْلِىْ وَ شِيْعَتِىْ۔

ખુદાએ અઝઝ વ જલ્લ મારી મારફતે મારાથી અને મારા શીઆઓથી બલાઓ અને મુસીબતોને દૂર કરે છે. (બેહારુલ અનવાર જી. ૫૨)

فَيَعْمَلْ كُلُّ امْرِئٍ مِّنْكُمْ
مَا يَقْرُبُ بِهٖ مِنْ مَّحَبَّتِنَا۔

તેથી દરેક એવા કામો કરતા રહો જે અમારી મોહબ્બત અને નઝદીકીનું કારણ બને. (બેહારુલ અનવાર જી. ૫૩)

# હઝરત મહદી (અ.ત.ફ.) ના સંબંધમાં ખુદ માસુમીન અલ્યહેમુસ્સલામે ખબર આપી છે.

આ વિષયમાં ઘણી એવી રિવાયતો અને હદીસોનું બયાન છે જેમાં માસુમીન (અ.સ.) એ ઈમામે ઝમાના (અ.સ.) વિષે કહ્યું છે.

**રસુલે ઈસ્લામ, ખુદાના આખરી પયગમ્બર (સ.અ.વ.) ફરમાવે છે.**

"કાએમ, મારી ઔલાદમાંથી હશે એનું નામ મારા નામ પરથી એની કુન્નિયત મારી કુન્નિયત એની આદતો અને તરીકા મારી આદતો અને તરીકા પ્રમાણે એનો સ્વભાવ મારા સ્વભાવ જેવો હશે. એનું ચારિત્ર્ય મારા ચારિત્ર્ય જેવું હશે. લોકોને મારા મઝહબ અને કાનૂન પર ચાલવા માટે મજબૂર કરશે ખુદાની કિતાબ તરફ બોલવશે જે લોકો એની પયરવી કરશે એ મારી પયરવી હશે જે શખ્સ એમની નાફરમાની કરશે એણે મારી હુકમની નાફરમાની કરી."

જે શખ્સ (એના) ગયબતના જમાનામાં એનાથી ઈન્કાર કર્યો. જે શખ્સે એને જૂઠ લાવ્યો જાણે એણે મને જૂઠ લાવ્યો જે શખ્સે એને સાચો માન્યો એણે મને સાચો માન્યો એને જૂઠ લાવનારઓ અને એ લોકો જે એના બારામાં મારી વાતોને માનવાથી ઈન્કાર કરશે અને મારી ઉમ્મતને ખોટા રસ્તે ચલાવશે. હું ખુદાની બારગાહમાં એ લોકોની ફરિયાદ કરીશ. અને જાલીમ જલ્દી પોતાના કાર્યોના અંજામ પોતે જ જોઈ લેશે. (બેહારુલ અનવાર – જી. ૫૧, અસ્વયતુલ હોદા જી. ૬)

**પહેલા ઈમામ હ. અલી બિન અબી તાલિબ (અ.સ.)**

મહેદીએ મવઉદ (અ.ત.ફ.) અમારામાંથી પેદા થશે અને આખરી જમાનમાં જાહેર થશે. અને કોઈ પણ કૌમ કે મિલ્લતમાં આના સિવાય કોઈ મેહદીએ મુન્તઝર ન હશે. (અસ્તબાતુલ હોદા જી. ૭)

**ફાતેમા ઝહેરા સલામુલ્લાહ અલ્યહાએ પોતાના જીગરના ટુકડા હુસયન (અ.સ.) ને ફરમાવ્યું :**

તમે જ્યારે પેદા થયા તો રસુલે ખુદા (સ.અ.વ.) મારી પાસે પધાર્યા અને તમને ખોળામાં લીધા પછી ફરમાવ્યું :

ઓ ફાતેમા ! તમારા હુસયનને લઈ લ્યો અને જાણી લો કે એ નવ ઈમામોના બાપ છે અને એની નસલથી નેક અને માસુમ ઈમામ પેદા થશે અને તેઓમાં નવમો કાએમ હશે. (અસ્બાલુલ હુદા : જી. ૨)

**બીજા ઈમામ હઝરત હસન (અ.સ.)**

રસુલેખુદા (સ.અ.વ.) ની પછી ઈમામ શખ્સો હશે. એમાંથી નવ મારા ભાઈ હુસૈન (અ.સ.)ની નસલમાંથી પેદા થશે. અને એ ઉમ્મતના મહેદી તેઓમાંથી જ હશે. (અસ્બાતુલ હુદા : જી.૨)

**ત્રીજા ઈમામ હઝરત હુસયન (અ.સ.)**

બાર ઈમામ અમારામાંથી હશે એમાંથી પહેલા ઈમામ અલી બિન અબી તાલિબ (અ.સ.) છે અને એમાંથી આખરી મારા નવમા ફરઝન્દ હશે. જે કાએમ હકની સાથે હશે. ખુદાવન્દે આલમ એની બરકતથી મુર્દા જમીનને જીવતી અને આબાદ કરશે. અને દીને હકને તમામ મઝહબો પર ગાલીબ કરશે ભલે પછી મુશ્રિકોને નાપસંદ કેમ ન હોય મહેદી એક મુદ્દત સુધી લોકોની નજરથી છુપા રહેશે. ગયબતના જમાનામાં એક જમાઅત દીનથી (મઝહબ) નીકળી જશે પણ એક બીજી જમાઅત સાબીત કદમીના કારણે બહુ જ દુઃખ ઉપાડશે. લોકો આ જમાઅતને મેણું મારતા કહેશે કે : અગર તમારો અકીદો સાચો છે તો પછી તમારા ઈમામ ક્યારે કયામ અને ઈન્કલાબ લાવશે? પણ સારી રીતે જાણી લો કે જે પણ શખ્સ ગયબતના દિવસોમાં દુશ્મનોની તકલીફો અને જુલ્મ અને એમના જુઠલાવા પર સબર અને ધીરજ રાખશે તે એ શખ્સ એવો હશે જેણે રસુલેખુદા (સ.અ.વ.) ની સાથે રહીને તલવારથી જંગ કરી હોય. (બેહારુલ અનવાર જી. ૫૧, નવી આવૃત્તિ)

**ચોથા ઈમામ હઝરત અલી ઈબ્નુલ હુસયન ઝૈનુલ આબેદીન (અ.સ.)**

અમારા કાએમની પેદાઈશ લોકો પર છુપી રહેશે અને એ પણ એવી રીતે કે લોકો કહેશે કે તેઓ તો પેદા થયા જ નથી. એ હઝરત (અ.ત.ફ.) ના છુપા રહેવાનો સબબ એ છે કે જ્યારે પોતાના કાયમ અને ઈન્કલાબ શરૂ કરશે તો એમની ગરદન પર કોઈની બયઅત નહિ હોય. (બેહારુલ અનવાર, જી. ૫૧)

**પાંચમા ઈમામ મોહમ્મદ બિન અલી અલ બાકીર (અ.સ.)**

ખુદાની કસમ ઈમામત એ હોદ્દો અને મનસબ છે જે રસુલે ખુદા (સ.અ.વ.) થી અમારા સુધી પહોંચ્યો છે. પયગમ્બરે અકરમ (સ.અ.વ.) પછી ઈમામ બાર છે. અને એમાંથી નવ ઈમામ હુસૈન (અ.સ.) ની ઔલાદમાંથી હશે અને મહદી પણ અમારામાંથી હશે અને આખરી જમાનામાં દીનની હિફાઝત (રક્ષણ) કરશે. (અસ્બાતુલ હુદા, જી. ૨)

**છઠ્ઠા ઈમામ સાદી આલે મોહમ્મદ જાફર બિન મોહમ્મદ (અ.સ.)**

જે શખ્સ તમામ ઈમામોના ઈકરાર કરતો હોય પણ મહેદીના વજુદનો ઈન્કાર કરતો હોય તો એ શખ્સ એવો છે કે જે તમામ પયગમ્બરો પર યકીન રાખતો હોય પણ હઝરત મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.) ની નબુવ્વતને કબુલ હોવાથી ઈન્કાર કરી દે. પછી એજ હઝરત (અ.સ.) ને પુછવામાં આવ્યું : ઓ ફરઝન્દે રસુલ! (અ.સ.) મહેદી કોની ઔલાદમાંથી હશે? આપ (અ.સ.) એ ફરમાવ્યું કે મહેદી સાતમા ઈમામ મુસા બિન જાફર (અ.સ.) ની પાંચમી નસલમાં (વંશમાં) હશે. (બેહારુલ અનવાર, જી. ૫૧) (અસ્બાતુલ હુદા જી.૬)

**સાતમા ઈમામ બાબુલ હવાએજ હઝરત મુસા બિન જાફર (અ.સ.)**

આપે યુનુસ બિન અબ્દુલ રહેમાનના જવાબમાં જ્યારે યુનુસે પુછ્યું હતુ કે શું આપ કાએમે હક છો. આપે ફરમાવ્યું :

હુ કાએમે હક છું પણ એ કાએમ જે દુનિયાની જમીને ખુદાના દુશ્મનોથી પાક સાફ કરી દેશે અને અદલ ઈન્સાફથી એને ભરી દેશે. મારી પાંચમી નસલમાંથી હશે. એના માટે એવી ગયબત હશે જેનો જમાનો

બહુ જ લાંબો હશે. એની જાનની હિફાઝત માટે ગયબતના જમાનામાં એક જમાઅત દીનથી ખારી જ થઈ જશે. પણ કેટલાક લોકો એવા પણ હશે જે મક્કમતાથી પોતાના અકીદા પર કાએમ અને બાકી રહેશે.

પછી ફરમાવ્યું : શું કહેવું એ શીયાઓનું જે ઈમામે જમાનાની ગયબતના જમાનામાં અમારી વિલાયત અને મોહબ્બત પર પોતાની પકડ મજબૂત રાખશે અને અમારી દોસ્તી અને મોહબ્બત અને અમારા દુશ્મનોથી નફરત પર સાબીત કદમ રહેશે. એ લોકો અમારાથી છે અને અમે તેમનાથી છે એ લોકો અમારી ઈમામતથી રાજી છે અને અમે એ લોકોની શીઅતથી રાજી અને ખુશ છીએ. પછી શું કહેવું એ લોકોનું ખુદાની કસમ એ જન્નતના દરજ્જામાં અમારી સાથે હશે.

### આઠમા ઈમામ હઝરત અલી બિન મુસા રેઝા (અ.સ.)

આપે રય્યાન બિન સલતના જવાબમાં જેણે સવાલ કર્યો હતો કે શું આપે "સાહેબુલ અમ્ર" છો? આપે ફરમાવ્યું : હું સાહેબુલ અમ્ર છું. પણ જે સાહેબુલ અમ્ર જમીનને અદલો ઈન્સાફથી ભરી દેશે એ હું નથી કાએમ મવઉદ એ છે જે બુઢ્ઢાપાની ઉમ્રમાં જવાનોની શકલમાં જાહેર થશે. સુલેમાન (અ.સ.) ની અંગૂઠી મુસા (અ.સ.) નો અસા એમની પાસે હશે. એ અમારી ચોથી નસલમાંથી અમારો ફરઝન્દ થશે. ખુદા જ્યાં સુધી ચાહશે એને લોકોની નજરોથી છુપા રાખશે અને તે પછી એને જાહેર કરશે. જમીનના પટને એના થકી અદલ અને ઈન્સાફથી ભરી દેશે જેવી કે એ જુલમ અને સિતમથી ભરી હશે. (બેહારુલ અનવર, જી. ૫૨, અસ્બાતુલ હુદા જી. ૬)

### નવમા ઈમામ મોહમ્મદ બિન અલી અલ તકી (અ.સ.)

અમારો કાએમ એજ મહેદીએ મવઉદ છે. જેના ગયબતના જમાનામાં એમની રાહ જોવી ફરજ છે અને ઝહુરના જમાનામાં એની ઈતાઅત અને આજ્ઞાનું પાલન વાજીબ છે. અને એ મારી નસલમાં મારો ફરઝન્દ હશે એ ખુદાની કસમ જેણે મોહમ્મદ (સ.અ.વ.) ને નુબુવ્વતના હોદ્દા પર ઉચ્ચ સ્થાને આપ્યું અને અમને ખાસ હોદ્દા પર ઈમામત અતા કરી કસમ છે કે અગર દુનિયાની ઉમ્ર એક દિવસથી વધારે નહિ હોય તો પણ ખુદા એ દિવસને એટલો લાંબો કરી દેશે એટલે સુધી કે મહદી ઝહૂર કરે અને જમીનને અદલો ઈન્સાફથી મરી દે જેવી રીતે જુલ્મો સિતમથી ભરી હશે. ખુદાવન્દે આલમ એક રાતમાં એના તમામ કામોને દુરસ્ત કરી દેશે જેમ કે પોતાના કલીમ મૂસા (અ.સ.) ના મામલાને એક રાતમાં પુરા કરી દીધા હતા. મૂસા (અ.સ.) ગયા હતા એ માટે કે પોતાના શરીકે હયાત (પત્ની) માટે અગ્નિ લાવવા પણ એ રિસાલત અને નુબુવ્વતના હોદ્દા સાથે પાછા ફર્યા. તે પછી એ હઝરત (અ.સ.) એ ફરમાવ્યું : અમારા શિયાઓનું સૌથી સારો અમલ ઝહૂરનો ઈન્તેઝાર છે. (બેહારુલ અન્વાર જી. ૫, અસ્બાતુલ હુદા, જી. ૬)

### દસમા ઈમામ અલી બિન મોહમ્મદ અલ નકી (અ.સ.)

મારા પછી મારો ફરઝન્દ હસન ઈમા છે અને હસનના પછી એનો ફરઝન્દ એજ કાએમ છે જે જમીનને અદલ ઈન્સાફથી ભરી દેશે . (અસ્બાતુલ હુદા, જી.૬)

અગ્યારમા ઈમામ હસન બિન અલી અલ અસ્કરી ( અ.સ.)

એ મુસા બિન જાફર બગદાદીને ફરમાવ્યું : જેમ કે હું તમને જોઈ રહ્યો છું કે તમે મારા જાનશીનના બાબતમાં મતભેદ ઊભો કરી રહ્યા છો. પણ ખબરદાર થઈ જાઓ કે જે શખ્સે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની પછી ઈમામો પર ઈમાન રાખતો હોય પણ મારા ફરઝંદની ઈમામતથી ઈન્કાર કરતો હશે. એ તે શખ્સ જેવો હશે જેણે તમામ પયગમ્બરોથી ઈન્કાર કરી દીધો. કેમ કે અમારા આખરી ઈમામની પયરવી પહેલા ઈમામની પયરવીના જેવી છે. તેથી જે શખ્સે આખરી વ્યક્તિથી ઈન્કાર કર્યો તે એ શખ્સ જેવો છે જેણે પહેલા ઈમામથી ઈન્કાર કરી દીધો હોય. પણ જાણી લો કે મારા ફરઝન્દની ગયબત એટલી બધી લાંબી હશે કે લોકો શંકામાં પડી જશે. સિવાય એ લોકોના કે જેના ઈમાનની હિફાઝત ખુદાએ અઝઝ વ જલ્લ કરશે. (બેહારુલ અનવાર, જી. ૫૧)

**સંપાદકની નોંધ :-**

અમારા ગુજરાતન ચાહકોની વર્ષોથી માગ રહી છે કે "અલ મુન્તઝર" (અ.સ.) જે ફક્ત ઉર્દૂમાં પ્રકાશીત થાય છે એ ગુજરાતીમાં પણ અનુવાદ થાય તો ગુજરાતની જનતાને ઈમામે ઝમાના (અ.સ.)ની એમની જાણમાં વધારો થાય. અમને વર્ષોથી ઈચ્છા રહી છે કે અમે આ અવારનવાર થતી માંગને પૂર્ણ કરીયે.

માસુમ (અ.સ.) ની એક હદીસ છે જેમાં આપે ફરમાવ્યું છે કે જે વ્યક્તિ પોતાના જમાનાના ઈમામને ઓળખ્યા વગર મરી જશે તો જેહાલતની - કુફ્રની - મૌત મરશે. અમે અમારી ફરજ સમજીને આ વખતે કોશીશ કરી આપની સમીક્ષા આ ગુજરાતી "અલ - મુન્તઝર" (અ.સ.) રજુ કરીએ છીએ.

આશા છે કે ઈમામે ઝમાના હઝરત હુજ્જતુલ ઈબ્નલ હસન અલ - અસ્કરી (અ.સ.) ને અમારો ગુજરાતી જનતા પ્રત્યેનો આ પ્રયાસ પસંદ આવે. - આમીન....

* ગયા વર્ષનો નિસ્ફે - શાબાનનો અંક ફક્ત ઉર્દૂમાં જ પ્રકાશીત કરી શક્યા હતા. અને અમારી કોશિશ હોવા છતાં ગુજરાતીમાં અંક પ્રગટ ન થઈ શકાયો એ બદલ અમે દિલગીર છીએ.-સંપાદક.

# આપણા મૌલાના ગયબતના જમાનામાં શીયાઓની ફરજો.

અત્રે ઈમામે ઝમાના (અ.સ.) ના ગયબતના જમાનામાં શીયાઓની તમામ ફરજો બયાન કરવાનો અમારો આશય નથી પણ થોડીક જ ફરજોનું બયાન કરવું મકસુદ છે. જેનો ઈમામ (અ.સ.)ની સાથે સંબંધ આપવામાં આવ્યો છે.

**૧. માઅરેફત**

(ઈમામની ઓળખ)

શીયાઓની મહત્વની ફરજોમાંથ એક ફરજ ઈમામ (અ.સ.)ની મારેફત છે. ઈસ્લામમાં ઈમામ (અ.સ.) ની મારેફત એટલી બધી મહત્વની છે કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે :

"મન માતા વ લમ યાઅરિફ ઈમામે ઝમાનેહી માતા મીતતલ જાહેલિયાહ"

**અર્થાત :**

જે શખ્સ એવી હાલતમાં દુનિયામાંથી ઉઠી જાય. (મરણ પામે) કે પોતાના (ઈમામે વક્ત) જમાનાના ઈમામને ન જાણતો હોય તો એની મૌત ઝમાનાએ જાહેલિયત (કુફ્ર)ની મૌત હશે. – ઝમાને જાહેલિયતમાં મરવું એટલે ઈસ્લામ અને ઈમામ વગર મરવું એવો અર્થ થાય છે એટલે જે શખ્સ ઈમામે ઝમાના (અ.સ.) ને નહિ ઓળખે તો ઈસ્લામ અને કુરઆનની સુંગધ પણ એની પાસે નહિ પહોંચે. તેથી જ અમારી ફરજ થઈ જાય છે કે ઈમામે ઝમાના (અ.સ.) ની માઅરેફતની રાહમાં જુહ્દો જહેદ (કાર્યરત રહીએ) અને ખુદ એ હઝરત અજ્જલ્લાહો તઆલા ફરજહને ઓળખવાની કોશિશ કરીએ.

**૨. પયરવી**

(એમના પગલે પગલે ચાલવું)

જે શખ્સ પોતાને શીયા જાણતો હોય તો એની પર વાજીબ છે કે પોતાના ઈમામ અને રહેબર પર નજર જમાવીને રાખે અને જુવે કે એના અમલનો મકસદ અને તરીકાઓ શું છે કેવા કામો કરવાથી ઈમામ (અ.સ.) ખુશ છે અને કેવા કામો કરવાથી ઈમામ (અ.સ.) મુખ ફેરવી લે છે. એજ કામ અંજામ આપે જે એમને પસંદ હોય અને એની આરઝુ અને એમના મકસદને (હેતુને) હાસીલ કરવામાં પુરી રીતે ઈમાન અને તૌહીદના બીજ પુરી પૃથ્વી પરનાં દિલોમાં વાવી શકે. આસ્માની કાનુનની (કાયદાની) તબલીગ અને પ્રચાર અને કલેમએ તૌહીદને બુલંદીને માટે તનતોડ મહેનચ અને કોશિશ કરે અને ઈસ્લામી એહકામ અને ઈસ્લામી તાલીમાતને બહુજ ખૂબ સુરત રીતે અને આસાનીથી જૂઠા અને ખરાબ અકીદાવાળા લોકો અને નાસ્તિકોના કાનો સુધી પહોંચાડે.

ઈમામે જાફરે સાદિક (અ.સ.) ફરમાવ છે કે "જે શખ્સ અમને દોસ્ત રાખે છે એની ફરજ છે કે અમારા અમલ અને રીતભાતને પોતાના માટે નમૂનો બનાવે અને પોતાની રીતભાતને અમારી રીતભાત પ્રમાણે ઢાળે"

**૩. આમ નાએબીને ઈમામની ઈતાઅત અને પયરવી**

(ઈમામના "નાએબે – આમ" ના હુકમનું પાલન અને તેના આજ્ઞાકીત રહેવા વિષે) ગયબતે કુબ્રાના જમાનામાં એ હઝરત અજ્જલ્લાહો તઆલા ફરજાહનો કોઈ પણ શખ્સ "નાએબે ખાસ" ફક્ત "આમ નાએબીન" અથવા "ફુકહાએ જામએઉશ્શરાએત" (ફકીહ – આલીમોમાં સૌથી ઉચ્ચ દરજ્જાવાળા શખ્સ) જે હઝરત (અ.ત.ફ.) ના આમ પ્રતિનિધી હોય છે. શીયાઓની ફરજ છે કે ગયબતે કુબ્રાના જમાનામાં એ હઝરતના સૂચનો અને સલાહ પ્રમાણે શરીઅત અને ઈસ્લામના મસાઈલ પર (પ્રશ્નો પર) નજર રાખે અને એમની પયરવી અને ઈતાઅત કરે.

ઈમામે જાફર સાદિક (અ.સ.) આ બાબતમાં ફરમાવે છે કે : તો પછી લોકોની ફરજ છે કે જે ફુકહાઓ એ ખુસુસીયાત અને અવસાફવાળા (ગુણોવાળા) હોય એમની તકલીદ કરે અને ઈતાઅત (આજ્ઞાનું પાલન) કરે જેઓ પોતાના નફસને સલામત અને મહેફૂઝ રાખે. પોતાના દીનને હીફાજતથી રાખે. પોતાના નફસની ખાહીશોની મુખાલેફત કરે. અને ખુદા રસુલ અને ઈમામની પયરવી કરે.

**૪. દૂઆ**

ગયબતે કુબ્રાના જમાનામાં શીયાઓની ફરજોમાંથી એક ફરજ એ પણ છે કે પુરા ધ્યાન સાથે ઈમામના ઝહૂરમાં જલ્દી અને એ હઝરત (અ.સ.) ની સલામતી માટે દૂઆ કરે. ધ્યાન અને દૂઆ અને બારગાહે ખુદાવન્દીમાં આજીજી માટે બે રીતો છે. એક તો એ કે દૂઆ ખુદાવન્દે આલમ તરફથી મુકદ્દર શુદા (મુકદ્દર થયેલી) વાોતમાં અસર રાખે છે. અને બીજી એ કે ફરજોની અદાએગીમાં જે એક મુન્તઝીર શીયા પર લાગુ પડે છે તો એ ફરજ આખર કેવી રીતે શક્ય છે કે દૂઆ એ કુનુત અને પોતાની નમાઝમાં દુનિયામાં સલામતી પોતાની રોજી-રોજગારમાં તરક્કી અને વધારો થવા માટે દુનિયા અને આખેરતમાં નેકી માટે દરખાસ્ત કરે પણ પોતાના ઈમામે ઝમાના (અ.સ.) ના જલ્દી ઝહુર માટે અને સલામતી નો ખ્વાહીશમંદ ન હોય? કેવી રીતે મુમ્કીન છે કે એક ઈમાનવાળો પોતાના દોસ્તો અને સગા-સંબંધીઓની સલામતી માટે "આયતલ કુરસી" જે ખુદાએ મુત્તઆલની કુદરતે લાઝવાલ (જે હંમેશા રહેવાવાળી છે.) ને બયાન કરવાવાળી અને મોમિનીને દુનિયા અને એમાં સમાએલા દરેક ફિતના ફસાદોથી હિફાજતમાં અને નિગેહબાની કરવાવાળી છે તે પઢે, પણ એ મુસાફિરની સલામતીના માટે કે જેની સાથે સેંકડો દિલના કાફલા ચાલી રહ્યા છે, દૂઆ ન કરે?

**સદકો આપવો :**

એક વધુ પસંદ કરવા લાયક ફરજ જેની તાકીદ અમારા દીન પેશ્વાઓ એ કરી છે તો મોહતાજો અને ગરીબોને સદકો આપવો. માસુમીન (અ.સ.) એ ફરમાવ્યું છે કે સદકો બલાઓને દૂર અને મૌતને ટાળી દે છે અને ગયબતે કુબ્રાના જમાનામાં બહુ જ સારૂ કામ છે. હઝરત વલીએ અસ્ર (અ.ત.ફ.) ની સલામતી માટે મિન્નતથી સદકો આપવો. આ અમલ પણ "દૂઆ" ની જેમ સિવાય એ કે ન ફક્તે ખુદાની મુકર્રર કરેલી તકદીર પર પણ અસર કરે છે. બલ્કે ફરજોની અદાએગીમાંથી એક માનવામાં આવે છે (એટલે આ સદકો કાઢવો એ એક શિયા ને માટે કર્તવ્ય બજાવી લાવવા બરાબર છે.) આ ફરજ એ શિયાની તરફ અંગુલી નીર્દેશ કરે છે. જે પોતાના ઈમામ રહેબર અને પ્યારા માર્ગદર્શકની સલામતીનો હંમેશા ખ્વાસ્તગાર (ઈચ્છુક) છે.

**એ હઝરત (અ.ત.ફ.)ની નિયાબતમાં મુસ્તહબ અમલ બજાવી લાવવાં વિષેઃ**

ગયબતે કુબ્રાના જમાનામાં પરહેઝગાર શીયાઓની ફરજોમાંથી એક ફરજ એ પણ છે કે જેને અમારા બુઝુર્ગો અંજામ આપવામાં બહુ જ તકેદારી રાખતા કે શીયા દરેક મુસ્તહબ અમલ અને કામ, ખાસ કરીને નવાફિલનફે (નાફેલા) એ હઝરત (અ.ત.ફ.) ની નિયાબતની નિય્યત કરીને અંજામ આપે. એ વસ્તુ પ્રત્યે ધ્યાન ન આપતા કે કીડીને આ અલ્પ હદીઓ સુલેમાને ઝમાનાની ખિદમતનાં પેશ કરવામાં આવે છે. ખુદાની બારગાહમાં બેશક એ મુસ્તહબ અમલ શરફે કબુલિયત હાસીલ કરે છે. અને સ્વાભાવિક રીતે અમારી તરફ હઝરત (અ.ત.ફ.) ની મોહબ્બત અને ભાવનાને ધ્યાન આપવાનું કારણ બની જશે.

**"બયઅત" નું પુનરાવર્તન**

તમામ ઈસ્લામી ઈતિહાસમાં શીયાઓએ કદાપી કોઈ પણ જમાનામાં જાલીમ હુકમો આપનારા અને જાલીમ હાકીમ અને બાદશાહોઓની બયઅત નથી કીર શીયાઓના અકીદા પ્રમાણે બાદશાહઓનો બાદશાહ અને હકીકી હાકેમ અને ઈમામ છે જે જીવતો છે અને માસુમ છે એ વિશ્વાસથી તેઓ ફક્ત એ હઝરત (અ.ત.ફ.)ની જ તરફ બયઅત કરવા માટે હાથ લંબાવે છે અને એમનાથી શપથ અને કૌલ કરાર કરે છે. આવો દરેક સવારની નમાઝ પછી દૂઆએ અહદ પઢીને ઈમામે ઝમાના (અ.સ.)ના હાથ પર આપણી બયઅત ને મજબૂત અને વધુ મજબૂત બનાવીએ.

**ઈન્તેઝાર :-**

અમારી ફરજોમાંથી સૌથી વધુ મહત્વની એક ફરજ "ઈન્તેઝાર" છે. આ ઈન્તેઝાર એવી હોવી જોઈએ કે અમારી જીંદગીની એક ક્ષણ પણ એવી જ ગુજરે જેમાં એ હઝરત (અ.ત.ફ.) થી અને એમના હુકમથી ગાફીલ થઈને મોઢું ફેરવી લઈએ. અમારી આંખોને હઝરત યાકુબ (અ.સ.) ની આંખોની જેમ બેનૂર અને યુસુફે ફાતેમા ઝેહરા (સ.અ.)ની તલાશમાં રહેવી જોઈએ. દરેક સમયે મગજમાં એક જ ધૂન અને બેકરાર દિલમાં એમના દીદારની તડપ રહેવી જોઈએ. અમારા અઈમ્મે માસુમીન (અ.સ.) એ ગયબતના જમાનામાં તેઓ પોતે પણ જહૂરના ઈન્તેઝારને સૌથી મોટો ઝહુર કરાર આપ્યો હતો અને આ પ્રમાણે ફરમાવ્યું : "જે શખ્સ અમારા અમ્ર (હુકુમત) નો મુન્તઝીર છે એ તે શખ્સની જેમ છે જે ખુદાની રાહમાં પોતાના લોહીમાં નાહ્યો હોય."

બેશક, જે શખ્સ ઈમામે ઝમાના (અ.સ.) નો જ સાચો મુન્તઝીર હોય છે. એની ઓળખ ખુદાની રાહમાં શહીદ થવાવાળામાં કરવામાં આવે છે. એક બીજી હદીસમાં ઈમામે ઝમાના (અ.સ.) ના મુન્તઝીરના વખાણમાં ફરમાવે છે : "જે લોકો કાએમ (અ.સ.) ની હુકુમતના ઈન્તેઝારમાં આ દુનિયાથી કૂચ કરી જાય છે. તેઓ એ લોકોની જેમ છે જે કાએમ (અ.સ.) ની ખિદમતમાં હાજર હોય." (બેહારુલ અનવાર જી. ૨૫) પછી થોડીવાર થોભીને ફરમાવ્યું : "બલ્કે એ લોકોની જેમ છે જેઓએ મેહદી (અ.ત.ફ.) ની સાથે જેહાદ કર્યો હોય." પછી થોડીવાર થોભીને ફરમાવ્યું : " ખુદાની કસમ! આ લોકો એ લોકોની જેમ છે જે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) ની ખિદમતમાં રહીને શહાદતના દરજ્જા પર કામ્યાબ થયા હોય."

તેથી ઓ પરવરદિગાર! અમને એ હઝરત (અ.ત.ફ.) ના હકીકી મુન્તઝીરમાં શામીલ કર અને તૌફીક આપ કે એમની ખિદમતમાં રહીને એમના દોસ્તમાં અમારો શુમાર થાય. - આમીન..

## હઝરત હુજ્જત બ્નિ અલ હસન (અ.સ.) ની લાંબી ઉમ્ર

જેમ કે આપને યાદ હશે કે ગયા વરસે નિમએ શાબાનના ખાસ અંકમાં ઈમામ ઝમાના (અ.સ.) ની લાંબી ઉમ્ર વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુથી અભ્યાસ કરીને સાબિત કરવામાં આવી હતી કે વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુથી પણ લાંબી ઉમ્ર થવામાં કોઈ પણ જાતની શંકા કે સંદેહ થવાને સ્થાને નથી.

આ વરસે આજ આશયની બીજા દ્રષ્ટિબિંદુથી તેહકીક અને શોધખોળ કરીએ.

**લાંબી ઉમ્ર - કુરાની દ્રષ્ટિબિંદુથી**

જે આયતો અમૂક ખુદાના પયગમ્બરોની લાંબી જીંદગીના બારામાં મળે છે તેજ આયતોની ઈમામે ઝમાના (અ.સ.) ની લાંબી ઉમ્રને સમજવામાં બહુજ આસાની કરી દે છે.

આ જગ્યા પર અમે ફક્તે બે આયતો જ ટાંકશુ;

૧. સૂરે અન્કબુત આયત ૧૪ માં ઈરશાદે ઈલાહી છે : "પછી તેઓ એમની વચ્ચે સાડા નૌંસો વરસ (ઉમ્મતની હીદાયત અને રેહનુમાઈ માટે) રહ્યા."

આ આયએ કરીમા પ્રમાણે હઝરતે નૂહ (અ.સ.) ની રીસાલતની મુદત સાડા નૌંસો વરસ નક્કી થઈ જાય છે. અને યકીનન એ હઝરત (અ.સ.) ની ઉમ્ર આનાથી પણ વધુ હતી તેથી જ મર્હૂમ શેખ સુદૂક રીઝવાનુલ્લાહ અલ્યહે જે શિયાઓના એક જબરદસ્ત મહાન આલીમ હતા. તેઓએ હઝરત નૂહ (અ.સ.) ની ઉમ્રનો અંદાજો બે હજાર વરસથી પણ વધુ લગાવ્યો છે. ("કમાલુદ્દીન")

૨. સુરે નિસાની આયત ૧૫૭ અને ૧૫૮માં હઝરત ઈસા (અ.સ.) નો ઝિકર આ શબ્દોમાં કરવામાં આવ્યો છે.

"અને તેમના આ કહેવાના કારણે કે નિઃસંશય અમોએ ખુદાના રસુલ (એટલે) મરિયમના બેટા મસીહને મારી નાખ્યો છે, જો કે તેમણે તેને ન મારી નાખ્યો ન સુળીએ ચઢવ્યો. પરંતુ તે તેમને ઈસાના જેવો લાગયો હતો; અને નિસશંય જે લોકો એ મસીહ સંબંધીત વેળા મતભેદ કર્યો હતો તેઓ આજ પ્રયંત તેના સંબંધમાં શંકામાં (પડેલા) છે; (કેવળ) ગુમાનના અનુકરણ સિવાય તેમને આ બાબતમાં કાંઈ જ્ઞાન નથી, અને આ તો ખાતરીપૂર્વક છે કે તેમણે તેને કત્લ કર્યો નથી.:

બલ્કે તેને અલ્લાહે પોતાની તરફ ઉચકી લીધો છે; અને અલ્લાહે ઝબરદસ્ત હિકમતવાળો છે."

આ આયતોમાં ખુદાવંદે આલમ હઝરત ઈસા (અ.સ.) ના જીવતા હોવા વિષે તવઝીહ ફરમાવે છે અને ઈસાઈઓના ગલત કૌલ અને અકીદાએ

જેની બુન્યાદ હઝરત ઈસાની (અ.સ.) સૂળી પર ચઢવવાને અને કત્લ કરવાન છે, રદ કરે છે એનો ખુલાસો એ છે કે કુરાને કરીમની બીજી એવી પણ આયતો છે જે ખુદાના પયગમ્બરો અને બીજા વિષયો પર છે. જેમાં લાંબી ઉમ્ર તરફ ઈશારો કરવામાં આવ્યો છે. એટલે સુધી કે ફાસીદ ફાજીર અને કાફર લોકોના બારામાં એવી આયતો આવી છે જે એમની લાંબી ઉમ્ર પર દલીલ કર છે. નમૂના તરીકે આ જગ્યાએ બે આયતો રજુ કરીએ છીએ.

**૧. સુરએ અંબિયાની આયત : ૪૪**

"બલ્કે અમોએ તેમને તથા તેમના બાપદાદાઓને સુખનો ઉપભોગ કરવા દીધો અહીં સુધી કે તેમની ઝિન્દગી (સુખમા) લંબાઈ."

૨. "પરંતુ અમોએ એવા જમાનાને પેદા કર્યો છે જેમાં લોકોના આયુષ્યો લાંબા બનાવ્યા છે."

જ્યારે ખુદાએ કાદીર અને શક્તિશાળી અમૂક કાફરો ને એમની પરીક્ષાના કારણે લાંબી ઉમ્ર આપે છે તો પછી એમાં શંકાની વાત શી છે કે પોતાના પ્રતિનિધી અને પોતાની હુજ્જતને અદલ અને ઈન્સાફની હુકુમતને કાયમ કરવા માટે અને ઈસ્લામના પવિત્ર કાનુનને નવજીવન બક્ષવા અને બીજા બુન્યાદી કામો માટે લાંબી જીંદગી અતા કરે!

દુખીતી વાત છે કે એ માણસ જે કુરઆને કરીમ પર અકીદો રાખે છે. અને એ પરવરદિગાર કુદરત અને તાકાત પર. જે એ આયતે કરીમાને નાઝીલ કરવાવાળો છે. ઈમાન રાખે છે. એની ફરજ છે કે જે કાંઈ એમાં આવ્યું છે જેમાં લાંબી ઉમ્રનો પણ ઝીક્ર છે, એ ઉપર પણ સારી રીતે અકીદો રાખે એ રીતે આ વાત બિલકુલ સરળ અને આસાન થઈ જશે કેમકે ખુદાવન્દે આલમ દરેક વસ્તુને પેદા કરવાવાળો અને પુરેપુરી કુદરત અને તાકતવાળો છે.

"ઈન્નલ્લાહ અલા કુલ્લે શયઈન કદીર" (સુરએ ફાતિર આયત : ૧)

કુરઆને કરીમે ખુદાવંદે મુત્તઆલની અસીમ કુદરત અને અનંત અઝમત અને બુઝુર્ગી તરફ ઈશારો કરવા માટે અસ્હાબે કહફ ખુદાના પયગમ્બરે ઓઝેર (અ.સ.) અને જનાબે ઈબ્રાહીમ (અ.સ.) ના પક્ષીઓના કિસ્સાઓ અને બીજા વાકેઆતો બયાન કર્યો છે. અહિં અમે ફક્ત એક જ બનાવ તરફ ઈશારો કરીએ છે.

અસ્હાબે કહફની આશ્ચર્યજનક અને અદભૂત કિસ્સો (સુરએ કહફ આયત ૯ થી ૨૫) અમે આવી રીતે વાંચીએ છે કે ૩૦૯ વરસ સુધી આ લોકો કહફની ગુફામાં સૂતા રહ્યા. આ લાંબી મુદ્દત પછી "કયામત" ને સાબીત કરવા અને ખુદાવન્દે આલમની મહાન કુદરતને જાહેર કરવા માટે ખુદાવન્દે આલમના હુકમથી ફરીવાર જીવતા થયા. શું એ ખુદા જે પોતાની મામુલી કુદરતની જાહેરાતના નમૂના તરીકે આ નાના બનાવથી જાહેર કરે છે. જેની તરફ અમે ફક્ત ઈશારો કર્યો છે. એ આ અમ્ર (કામ) પર કુદરત નથી. રાખતો કે પોતાના પ્રતિનિધી અને પોતાની હુજ્જતની ઉમ્રને, જમીનને અદલ અને ઈન્સાફથી ભરપુર કરવા દુનિયાના મામલાતની ઈસ્લાહ માટે ખુદાના પયગમ્બરો અને અવલિયાઓની આરઝુ અને તમન્નાઓને અમલના રૂપમાં લાવવા અને જમીન પર ઈસ્લામની સાચી હુકુમત કાયમ અને દાએમ કરવા લાંબી કરી શકે અને લાંબી ઉમ્રની નેઅમતને એ હઝરત (અ.ત.ફ.) ના માટે સરળ અને આસાન બનાવી દે?

ખુદાવન્દે આલમ દરેકે દરેક વસ્તુ પર પુરેપુરી કુદરત રાખે છે.

**લાંબ ઉમ્ર - રિવાયતો અને હદીસોની રોશનીમાં :-**

ઈસ્લામી પુસ્તકો અને સાહીત્યોના અમૂલ્ય ખજાનામાં ઈમામે ઝમાના (અ.સ.) ની લાંબી ઉમ્રના સંબંધમાં અસંખ્ય અને બેશુમાર હદીસો મૌજુદ છે. જેમાની એક બુઝુર્ગ આલીમે કિતાબ "મુન્તખ્બુલ અસર" માં એ હદીસોની ગણત્રી ૩૧૮ બતાવી છે. જેમાંથી અમે ફક્ત એકજ હદીસ બયાન કરીએ છીએ. શીયાઓના બુઝુર્ગ શેખ મહૂર્મ સદુક, રીઝવાનુલ્લાહ અલયહ - કિતાબ "કમાલુદ્દીન" માં ઈમામ સજ્જાદ (અ.સ.) થી નકલ કરે છે કે એમણે ફરમાવ્યું :

" ફિલ કાએમે સુન્નતુન મિન નૂહિન વહોવા તુલુલ ઉમ્રે"

અર્થાત : કાએમમાં નૂહ (અ.સ.) ની એક સુન્નતની ઝાંખી થાય છે. અને તે લાંબી ઉમ્ર છે એનો ખુલાસો એ છે કે જેવી રીતે હઝરત નૂહ લાંબી ઉમ્ર રાખતા હતા. હઝરત મહદીએ કાએમ (અ.સ.) ની પણ ઉમ્ર શરીફ લાંબી છે.

**લાંબી ઉમ્ર - મઝહબી માન્યતાઓની રોશનીમાં**

અમારો અકીદો છે કે ખુદાવંદે મન્નાન અને કાએનાતને પેદા કરનાર કુદરત અને તાકાતવાળો છે એ અર્થમાં કે તમામ વસ્તુઓને પેદા કરે છે. એમના ભેદ જાણીને એના માટે સર્જન કોઈપણ અંદાઝ વગર સહેલું અને આસાન છે અને એવાત પર શક્તિમાન છે કે જે મૌજુદને (સર્જનને) ચાહે, હસ્તીનો લેબાસ પહેરાવે, આજીજી અને કમજોરી ખુદાની બારગાહમાં કોઈ વસ્તુ નથી અને કોઈ પણ વસ્તુને ક્યારેય અસ્તિત્વમાં લાવવા માટે ન તો કમજોર (નબળો) છે અને ન તો સફળ છે.

એ અલ્લાહ જેણે ઈન્સાનને માટીમાંથી પેદા કર્યો અને પોતાની કુદરતથી એ રૂહ જે જીંદગીની પુંજી છે તેને ઈન્સાનના બેજાન શરીરમાં ફૂંકી, ઈન્સાન જે એકી સાથે ખૂબસુરત અને આશ્ચર્યજનક સર્જન છે એને વજુદમાં લાવ્યો અને પછી એને નુત્ફાથી પેદા કર્યો એ પેદા કરનાર જેણે ઈસા (અ.સ.) ને બાપ વગર પેદા કર્યો અને મરયમ (અ.સ.) ની કૂખમાં રૂહ ફૂંકીને હઝરત ઈસા (અ.સ.) નો નુત્ફો બનાવ્યો એ હઝરત (અ.સ.) ને બાળપણમાં જ્યારે એમની ઉમ્ર ફક્ત એક જ દિવસની હતી ત્યારે બોલાવાની કુવ્વત આપી હતી અને આવી રીતે એમણે પોતાના પયગમ્બરે હોવાની બહુ મોટી નિશાની કરાર આપી. અહિં સુધી કે પોતાની માતાના ખોળમાં એમણે હોઠ ખોલ્યા અને ખુદાની આયતોને બયાન કરી આવી જ રીતે હઝરત યહ્યા (અ.સ.) ને બાળપણમાં નુબુવ્વતના એહકામ બક્ષ્યા અને રિસાલતના કિંમતી પોશાકથી શણગાર્યા જેમ કે ઈરશાદ થાય છે ઓ યાહ્યા! કિતાબને ખુદાઈ તાકાતથી પકડો અને અમે એમને બાળપણમાં પયગમ્બરીનો હુકુમ બક્ષ્યો (સુરએ મરયમ : આયત ૧૨)

એવો પરવરદિગાર જેણે આ તમામ આશ્ચર્યજનાક મખલૂકને પેદા કરી જેના સર્જન ને જોવાથી અને તેની ઉપર વિચાર કરવા પછી ઈન્સાન આશ્ચર્યમાં ડૂબી જાય છે એવો ખુદા જેણે સૂર્યમંડળનુ ચમકતા તારામંડળથી ઈન્સાની અકલને આશ્ચર્ય અને હેરતમાં નાખી દીધા છે. અને અસંખ્ય તારામંડળોને અસ્તિત્વમાં લાવ્યો છે. અને મશહૂર વૈજ્ઞાનિક આઈન્સટાઈનના કહેવા પ્રમાણે અગર પ્રકાશની એક કિરણ (જેની ગતિ સેંકડમાં ત્રણ લાખ કિલોમીટર અથવા એક લાખ છયાંસી હજાર માઈલ

છે.) આ કાએનાતે આલમ ની (બ્રહ્માંડ) એક બિંદુથી સફર શરૂ કરીએ તો લગભગ બસો અબજ વર્ષમાં પુરી કાએનાતે આલમની સફર પુરી કરીને પાછા એજ બિંદુ પર આવીએ.

એજ ખુદા પોતાની આખરી હુજ્જત હઝરત ઈમામ મેહદી (અ.સ.) ને લાંબી ઉમ્ર અતા કરી શકે છે.

**લાંબી ઉમ્ર ઐતિહાસીક દ્રષ્ટિબિંદુથી**

જો અમે ઐતિહાસીક પુસ્તકોનો અભ્યાસ કરીએ તો અમને સારી રીતે સમજાય જાય કે લાંબી ઉમ્ર મેળવવા વાળાઓની સંખ્યા એટલી લાંબી છે કે સુન્નીભાઈઓના એક બુઝુર્ગ આલીમ અબુહાતીમ સજીસ્તાનએ એક સંપૂર્ણ પુસ્તક એ લોકોની જીંદગી વિષે લખેલ છે. આ પુસ્તકનું નામ "અલ મોઅમ્મરૂન" છે, એટલે એ લોકો જેઓ લાંબા આયુષ્ય મેળવ્યા છે જેમકે શીયાઓના મહાન બુઝુર્ગ આલીમ મહૂર્મ શેખ સુદ્દક એમાંથી થોડાક લોકોના સંબંધમાં પોતાના પુસ્તક "કમાલુદ્દીન" માં લખ્યું છે. નમૂના તરીકે તેમાંથી અમૂક લોકોના સંબંધમાં લખવું જરૂરી છે.

અમ્રુ નામી શખ્સે ૩૫૦૦ વરસની ઉમ્ર મેળવી. મઝીકા જેનું નામ ઉમર બિન આમીર હતુ તે ૮૦૦ વરસ જીવતો રહ્યો હબલ બિન અબ્દુલ્લાહ ૬૦૦ વરસ સુધી જીવતો રહ્યો તે ઉપરાંત બીજા ઘણા હતા જેની સંખ્યા બહુ જ લાંબી છે. તેઓએ બહુજ લાંબી ઉમ્ર મેળવી હતી.

**લાંબુ આયુષ્યઃ યહુદી અને ઈસાઈઓના દ્રષ્ટિબિંદુથી**

યહુદી અને ઈસાઈઓની પણ માન્યતા છે કે પહેલાના જમાનામાં ઘણા લોકોએ લાંબી ઉમ્ર ભોગવી હતી જેમ કે તૌરેતમાં આવ્યું છે અને યહુદી તથા ઈસાઈઓનો પણ અકીદો છે કે પહેલાના જમાનામાં ઘણા લોકોની જીંદગી લાંબી હતી. તૌરેતમાં ઝિકર કરવામાં આવ્યું છે કે ઝુલ્કરનૈનએ ત્રણ હજાર (૩૦૦૦) વરસની લાંબી જીંદગી મેળવી હતી.

હઝરત શીશની ઉમ્ર ૯૧૨ વરસની હતી. અનુશની ઉમ્ર ૯૫૦ વરસ, કીનાનની ઉમ્ર ૯૨૦ વરસ, યારિદની ઉમ્ર ૯૬૩, અખનુખની ઉમ્ર ૩૬૫, મતુશાલિખની ઉમ્ર ૯૬૯ વરસ, લામિકની ઉમ્ર ૭૭૭ વરસ, મહલ્લીલની ઉમ્ર ૮૯૫ વરસ, વગેરે વગેરે હતી.

હા એ વાત પર યકીન હોવું જોઈએ અને એ હકીકતને કબુલ કરવી જોઈએ કે ખુદાવન્દે આલમ આ કાર્ય પર પુરી રીતે શક્તિમાન છે કે એ હઝરત વલીએ અસર અને પોતાના હુજ્જત અને આખરી પુંજીને લાંબી અને વધુ ઉમ્ર બક્ષે અને એ હઝરતને મુનવ્વર અને નૂરાની સવારની જેમ પ્રકાશિત અને ચમકદાર ઝહુર અને ઈન્કલાબ સુધી પોતાની ખાસ હિમાયતી છાયામાં તંદુરસ્ત, તાકતવાર અને જવાન રાખે.

فَيَعْمَلُ كُلُّ امْرِئٍ مِّنْكُمْ
مَا يُقَرِّبُ بِهِ مِنْ مَّحَبَّتِنَا۔

બેશક, અમે તમારી રખેવાળીથી ગાફેલ નથી અને ન તમારી યાદને દિલથી દૂર કરીએ છીએ. (બેહારુલ અનવાર, જી. ૫૩)

**મહદી ઈસ્લામી રિવાયતોની રોશનીમાં**

* ગત વરસના નિસ્ફે શાબાનના ખાસ અંકમાં કુરઆને કરીમની અમૂક આયતો ઈમામે ઝમાના (અ.સ.) ની બાબતમાં આપ હઝરાતની ખિદમતમાં રજુ કરી ચુક્યા છીએ. આ વરસે ઈચ્છીયે છીએ કે આં હઝરત અજ્જલલ્લાહુ તઆલા ફરજહુ શરીફ સંબંધી ચર્ચાને ઈસ્લામી રિવાયતોના પ્રકાશમાં નિહાળીએ જેથી મિલ્લતે – ઈસ્લામીઅહ એમ ન માની બેસે કે ઈમામે – ઝમાના (અ.સ.) નો સંબંધ ફક્ત શીયાઓની સાથે જ છે. સૌથી પહેલા અમે બિરદરાને – અહલે – સુન્નહ ની મુઅતબર કિતાબો તરફ નજર કરીને ઈમામે – ઝમાના (અ.સ.) બાબત એમના દ્રષ્ટિકોણોને જાણી લઈએ.

**સુન્નીભાઈઓમાં ઈમામે ઝમાના (અ.સ.) નું વર્ણન :–**

આ બાબતમાં સુન્ની આલિમોએ એવી ઘણી બધી રિવાયતો એવા રાવીઓથી નકલ કરી છે કે જેમના પર તેઓ પોતે પણ ઈમાન અને યકીન રાખતા હતા અને જેમને તેમણે સરકારે દોઆલમ હઝરત રસૂલે – અકરમ (સ.અ.વ.) થી નકલ કર છે તમા રિવાયતોના અભ્યાસથી એ નતીજો નીકળે છે કે રસૂલે – ખુદા (સ.અ.વ.) પછી અમના જાનશીન અને ઈમામો બાર હશે અને તે બધે – બધા કુરેશમાંથી જ હશે. મહદીએ – મવઉદ આં હઝરત (સ.અ.વ.) ના ખાનદાન. અલી (અ.સ.) અને ફાતિમા (અ.સ.) ની અવલાદમાંથી હશે.ઘણી રિવાયતોમાં એ વાતનો ખુલાસો પણ કરવામાં આવ્યો છે કે તે ઈમામ હુસૈન (અ.સ.) નસલમાંથી હશે. સુન્ની રાવીઓએ મહદી (અ.સ.) ની બારામાં પોતાની સિત્તેરથી એ વધુ કીમતી તથા વિશ્વાસપાત્ર કિતાબોમાં સેંકડો હદીસો ટાંકી છે. નમૂના રૂપે અમૂક કિતાબો તરફ અમે નીચે અંગુલી નિર્દેશ કરીએ છીએ. :–

| | | |
|---|---|---|
| ૧.મુસ્નદ | સંપાદક અહદમ ઈબ્ને હમ્બલ | વફાત – ૨૪૧ હીજરી |
| ૨. સહીહ | સંપાદક ઈમામ બુખારી | વફાત – ૨૫૬ હીજરી |
| ૩. સહીહ | સંપાદક મુસ્લિમ બિન હુજ્જાજ નીશાપુરી | વફાત – ૨૬૧ હીજરી |
| ૪. સુનને અબે દાઉદ | સંપાદક સુલેમાન બિન અશઅસ સજિસ્તાની | વફાત – ૨૭૫ હીજરી |
| ૫. સહીહ | સંપાદક મુહંમદ બિન ઈસા તિરમિઝી | વફાત – ૨૭૯ હીજરી |
| ૬. મસાબીહુસસુન્નહ | સંપાદક બગવી | વફાત – ૫૧૬ હીજરી |
| ૭. જામિઉલ ઉસુલ | સંપાદક ઈબ્ને અસીર | વફાત – ૬૦૬ હીજરી |
| ૮. તઝકિરતુલ ખ્વાસ | સંપાદક સિબ્ત હસન જવઝી | વફાત ૬૫૪ હિજરી |
| ૯. ફરાઈદ | સંપાદક હમવી | વફાત ૭૧૬ હિજરી |
| ૧૦. સવાઈકે મોહરિકહ | સંપાદક ઈબ્ને હજર હથીમી | વફાત ૯૭૩ હિજરી |

| | |
|---|---|
| ૧૧. યાનાબીઉલ મવદદહ | સંપાદક શેખ સુલેમાન કન્દૂઝી વફાત૧૨૯૩ હિજરી |

સહેજ તસ્દી લઈને ઉપરોક્ત મુહદદિયો અને મુવલ્લિફોની વફાતની તારીખો પર એક ઉડતી નજર નાખી લો આપ મુલાહિઝા ફરમાવી શકો છો તેમ આ મુહદદિયોમાંના એક મુહદદિય તો ઈમામે ઝમાના (અ.સ.) ના મુબારક જન્મથી પહેલાં જ વફાત પામી ગયા હતા. અલબત્ત એમના પછીના મુહદદિયો તો ઈમામ (અ.સ.) ની વિલાદતની પછીથી સો વરસ પહેલા સુધી લગભગ એમો સિલસિલો જારી રહ્યો.

અલબત્ત આ મુકામ પર મહત્વનો નુકતો એ છે કે સુન્ની આલિમોમાંથી અમૂકે તો વળી ઈમામે ઝમાના (અ.સ.) ની બાબતમાં આખે આખી કિતાબો તાલીફ કરી છે. એમાંથી અમૂકનું વર્ણન કરવાનો અમે અત્રે પુરતું માનીએ છીએ. :-

| | |
|---|---|
| ૧. અલબયાન ફી અખ્બારે સાહેબુઝ ઝમાન | તાલીફ : અલ્લામહ ગંજી શાફેઈ |
| ૨. ઉકદુદ દરર ફી અખ્બારિલ ઈમામિલ મુન્તઝર | તાલીફ : શેખ જમાલુદ્દીન યુસુફ દમિશ્કી |
| ૩. મહદીએ આલે રસુલ સુલ્તાન | તાલીફ : અલી બિન મુહંમદ હનફી |
| ૪. કિતાબુલ મહદી | તાલીફ : અબૂદાઉદ (સાહેબે – સુનન) |
| ૫. અલામાતુલ મહદી | તાલીફ : જલાલુદ્દીન સુયુતી |
| ૬. મનાકિબુલ મહદી | તાલીફ : હાફિઝ અબુનઈકમ ઈસ્ફહાની |
| ૭. અલકવ્લુલ મુખ્તસર ફી અલામાતિલ મહદી મુન્ઝર | તાલીફ : ઈબ્ને હજર |
| ૮. અલબુરહાન ફી અલામાતે મહદી આખેરુઝઝમાન | તાલીફ : મુલ્લા અલી મુત્તકી |

સંજ્ઞ વાંચકો હવે આપે યકીન ફરમાવી લીધું હશે કે ઈમામે – ઝમાં પર અકીદો માત્ર શીયાઓ સાથે જ રિઝર્વ નથી બલ્કે એનો સંબંધ તમામ મુસલમાનોની સાથે છે. એ ઉમ્મીદ સહિત કે આપણે પોતાની આંખો થોડી ઘણી ઉઘાડીએ અને સચ્ચાઈઓને નિહાળીનફે અને હકીકી રસ્તો પામી લઈએ.

**મહદી (અ.સ.) – શીયા મનાબિસ અને મઆખઝમાં**

પયગમ્બરે – ઈસ્લામ (સ.અ.વ.) અને અઈમ્મએ મઅસુમીન (અ.સ.) થી ઈમામે ઝમાના (અ.સ.) ની બાબતમાં નકલ થએલ રિવાયતો ત્રણ હજારથી વધુ છે. એમના અભ્યાસથી માલમ પડે છે કે ઈમામે ઝમાના (અ.સ.) ઈમામે હુસૈન (અ.સ.) ના નવમા ફરઝંદ હશે. એમના બુઝુર્ગ વાલિદનું મુબારક નામ હસન (અ.સ.) અને મુહતરમ વાલિદહનું નામ ઈસ્મે – મુબારક નરજીસ ખાતુન હતું. અને એ કે એમનું નામ પયગમ્બરે – અકરમ (સ.અ.વ.) ના નામે નામી પર હશે. અને લકબ મહદી વિગેરે વિગેરે....... હશે. વાલિદ બુઝુર્ગવારની હયાતીમાં સામરા શહેરમાં પેદા થયા વઅને બાળપણમાં જ પિતાની છત્ર – છાયાથી મેહરુમ થઈ ગયા અને ખુદાની મરજીથી આજ લગી ઝિન્દહ અને કાયમ છે અને ખુદા ચાહશે ત્યાં લગી ઝીન્દગીની નેઅમતથી બહરાવર થતા રહેશે એક દિવસ ચેહરએ – મુનવ્વર જાહેર થશે. અને દુનિયાને અદલઈન્સાફથી એ રીતે ભરી દેશે જે રીતે કે આ દુનિયા ઝુલ્મો – ઝોર અને સિતમ તથા ઈસ્તબદાદથી છલકાતી હશે. ખુદાનલી મસ્લેહતને કારણે આજે લોકોની નિગોહોથી ઓઝલ છે. અને જ્યારે જાહેર થશે તો ખાનએ કાબાની દિવાલને પીઠ અઢેલીને પોતાના મઝલુમ દાદા ઈમામ હુસૈન (અ.સ.) ની જેમ "હલ મિન નાસિરિન યનસુરુની" ની પોકાર કરશે અને પોતાના સાથીઓને તલબ કરશે જેમની તાદાદ ૩૧૩ હશે. એ લોકો આપને પોતાના હલ્કામાં લઈ લેશે. જનાબે – ઈસા (અ.સ.) આસમાનથી જમીન પર તશરીફ લાવશે અને મહદી (અ.સ.) ની ઈમામતમાં નમાઝે બાજમાઅત અદા ફરમાવશે. આપ (અ.સ.) ઈસ્લામી અહેકામને દુનિયાના ખૂણેખૂણામાં નાફિઝ ફરમાવશે અને આજ દુનિયા જન્નતનો એક નમૂનો બની જશે.

જે હદીસો શીયા અને સુન્ની આલિમોએ ઈમામ મહદી (અ.સ.) બાબત વિવિધ વિષયોમાં નકલ કરી છે. તેમની સંખ્યા ઘણી મોટી છે. જેમનું વર્ણન "બેહારુલ અનવાર" અને "મુન્તખબુલ અસર" જેવી કિતાબોમાં કરવામાં આવ્યું છે.

અહિયાં "મુન્તખબુલ અસર" ના કર્તા આકાએ લુત્ફલ્લાહ સાફીએ જે કિતાબોનો હવાલો આપ્યો છે તેમાંની અમૂક કિતાબોમાં ઉલ્લેખાએલ હદીસોની વિષયવાર સંખ્યા રજુ કરીએ છીએ. :-

| વિષય | હદીસોની સંખ્યા |
|---|---|
| ૧. એવી હદીસો જેમાં જણાવાયું છે કે ઈમામોની સંખ્યા બાર છે. એમાંના પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.) અને આખરી મહદી (અ.સ.) છે. | ૫૮ |
| ૨. એવી હદીસો જેમાં એ હઝરત (અ.સ.) ના ઝહૂરની બશારત આપવામાં આવી છે. | ૬૫૭ |
| ૩. એવી રિવાયતો જે મહદી (અ.સ.)ને પયગમ્બરે અકરમ (સ.)ખાનદાનના નૂરચશ્મ બતાવે છે | ૩૮૯ |
| ૪. એવી રિવાયતો જ એ બતાવે છે કે મહદી અ.સ.ની કુન્નીયત તથા નામ નબીએ–અકરમના હમનામ છે. | ૪૮ |
| ૫. એવી રિવાયતો જે એ બતાવે છે કે હઝરત (અ.સ.) અલી (અ.સ.) ની અવલાદમાં છે. | ૨૧૪ |
| ૬. એવી રિવાયતો જે એમને (અ.સ.) ફાતિમા (સ.) ની અવલાદમાં બતાવે છે. | ૧૯૨ |
| ૭. એવી રિવાયતો જે એ હઝરત (અ.સ.) ને ઈમામ હુસૈન (અ.સ.) ની અવલાદ બતાવે છે. | ૧૮૫ |
| ૮. એવી રિવાયતો જે એ હઝરત (અ.સ.) ને ઈમામ હુસૈન (અ.સ.) ના નવમા ફરઝંદ બતાવે છે. | ૧૪૮ |
| ૯. એવી રિવાયતો જે એ બુઝુર્ગવારને ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ની અવલાદમાંથી કહે છે. | ૧૮૫ |
| ૧૦. એવી જે એ હઝરત (અ.સ.) ને ઈમામ બાકર (અ.સ.)ની અવલાદમાંથી બતાવે છે. | ૧૦૩ |

૧૧. એવી રિવાયતો જે એ બુઝુર્ગવાર અ.સ.ને ઈમામ સાદિક (અ.સ.)ની અવલાદમાંથી બતાવે છે. ૧૦૩

૧૨. એવી રિવાયતો જે એ કહે છે કે આપ ઈમામ મુસા કાઝિમ (અ.સ.)ની અવલાદમાંથી છે. ૧૦૧

૧૩. એવી રિવાયતો જે એમ કહે છે કે એ ઈમામ રઝા (અ.સ.) ના ચોથા ફરઝંદ છે. ૯૦

૧૪. એવી રિવાયતો જે એમ કહે છે કે તે ઈમામ મુહંમદ તકી (અ.સ.) ની ત્રીજી પેઢીમાં છે. ૯૦

૧૫. એવી રિવાયતો જે એ કહે છે કે તે ઈમામ અલી નકી (અ.સ.) ની અવલાદમાંથી હશે. ૯૦

૧૬. એવી રિવાયતો જે કહે છે કે તે ઈમામ હસન અસ્કરી (અ.સ.) ના નૂર - નઝર છે. ૧૪૯

૧૭. એવી રિવાયતો જે એ બતાવે છે કે એ દુનિયાને અદલ - ઈન્સાફથી છલકાવી દેશે. ૧૨૩

૧૮. એવી રિવાયતો જેમનાથ જણાય છે કે એમન એમની ગયબત લાંબી છે. ૯૧

૧૯. એવી રિવાયતો જે એ હઝરત (અ.સ.)ની લાંબી ઉમરનું વર્ણન કરે છે. ૩૧૮

૨૦. એવી રિવાયતો જે બતાવે છે કે એ હઝરતની મારફતે ઈસ્લામ એક વિશ્વવ્યાપી મઝહબ બની જશે. ૪૭

૨૧. એવી રિવાયતો જે બતાવે છે કે તે બારામાં અને આખરી ઈમામ છે. ૧૩૬

ઉપરની રિવાયતો અને તમામ હદીસોથી એ વાત જાહેર થાય છે. કે જે રિવાયતો અને હદીસો એ હઝરત (અ.સ.) ની બાબતમાં વારિદ થઈ છે. તે તવાતુરની (સિલસિલાની) હદથી પણ આગળ વધી ગએલ છે અને દીની વિષયોમાં બહુ ઓછા એવા વિષયો છે જેમના બારામાં આટલી મોટી સંખ્યામાં રિવાયતો વારિદ થઈ છે. આ લિહાઝથી જે શખ્સ પણ ઈસ્લામ અને પયગમ્બર પર ઈમાન લાવ્યો છે તેને માટે લાઝિમ છે કે મહદીએ - મવઉદ (અ.સ.) ના ગિરામી મરતબત વજુદ પર જે ગયબતના પડદામાં જીંદગી ગુજારી રહ્યા છે પાકુ ઈમાન રાખે.



તમન્ના

દિલો કી તમન્ના ભી બર લાઈએગા કે પરદહ હી પરદહ કીએ જાઈએગા
મસીહાઈયાં કામ આએંગી કીસ દીન મરીઝોં પે કબ તક તરસ ખાઈએગા
કસમ આપ કો આપ કી મસ્લેહત કી બતા દીજીએ કબ નઝર આઈએગા.
હમારી દોઆએં હમારી સદાએં ખમોશી સે કબતક સને જાઈએગા.
યે માના કે હય મસ્લેહ પરદા લેકીન મુકર્રર કોઈ હદ ભી ફરમાઈએગા.
બચાને કોઈ તઅનો સે ઈન મુન્કીરોં કે ભલે આઈએ ફીર ચલે જાઅઈગા.



ચિત્ર

જવાબે તમન્ના

દિલો કી તમન્નાએં બર લાએંગે હમ કે આએંગેં બે-નીકાબ આએંગેં હમ
નીગાહેં ભલા ઔર તુમ સે ફીરેંગી તુમ્હારે કેલેજોં કોઈ બરમાયેં ગે હમ
કસમ મસ્લેહત કી અબસ દે રહે હો નઝર હો તો અબ ભી નઝર આએંગે હમ.
સુનેંગે તુમ્હારી તુમ્હારે દીલોં કી વોહ જબ હુકમ દેગા ચલે આએંગે હમ
દિલોં સે ઝરા છુટ લે અબ્રે કુદુરત તો ફીર ચાંદ બન કર નીકલ આયેંગે હમ
મગર એક ઝરા અપને આદાત બદલો તુમ્હે ડર નહીં હય બીગડ જાયેંગે હમ
તુમ્હે રોકનેકી ઝરૂરત ન હોગી જબ આ જાયેંગે ફીર કહાં જાયેંગે હમ

સૈયદ જઅફર હુસૈન મનઝર લખનવી

ચિત્ર

# અલ ફહરિસ્ત : કિતાબશનાસી
# (પુસ્તક જ્ઞાન)

આ લેખને શરુ કરતાં પહેલાં એ યોગ્ય લાગે છે કે અમુક વાતોની ચોખવટ કરી દઈએ અને એ પછી જ આગળ વધીએ જેથી વિષયને સમજવું સરળ બને.

આલિમો અને જ્ઞાનીઓનાં કામો તથા સંશોધનોને માટે તેમજ સામાન્ય જનોને માટે મેળવવા માટે કાંતો તે બાબત કોઈ માણસનું સંભાષણ કે તેની સાથેની વાતચીત આવશ્યક હોય છે. કે પછી તે વિષયના પુસ્તકોનો અભ્યાસ કરવાથી તે અંગેનું જ્ઞાનભાન મેળવી શકાય છે. પહેલી વાત અમલી રીતે, જો કે સહેલી છે પરંતુ એતેજ વેળાએ શકય બને છે કે જ્યારે બયાન કરનારો અને સાંભળનારો બને એક જગ્યાએ હજાર હોય. પરંતુ બીજી હાલતમાં એવી શરત નથી. બલ્કે સેંકડો વરસ પહેલા પણ અગર કોઈ મસલક કે વિષય પર બહસ કે ચર્ચા થઈ હોય અને તેને લખી લેવામાં આવી હોય તો તે જમાનામાં પણ અને એ પછીના જમાનામાં પણ લોકો તેનો લાભ લઈ શકે છે. અમે કહો કે દરેક જમાનામાં લખાયેલી કિતાબો અને રિસાલાઓ ન માત્ર તેજ જમાનાના લોકોને માટે લાભદાઈ હોય છે. બલ્કે આવતી પેઢીઓને માટે પણ રાહનુમા અને રાહબર પુરવાર થઈ શકે છે.

ઈસ્લામના ઝહુર બાદ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ આલિમો અને દાનિશવરોનાં તહકીકી કે સંશોધન કામો માટે કિતાબોની જાણકારી ઉપલબ્ધ કરવાના હેતુથી ઈસ્લામના આલિમોએ શરુઆતથી જ ફેહરિસ્તનવીસી અને કિતાબશનાસીના કામમાં રસ લીધેલ છે. જેથી રીસચ કરનાર લોકો પોતાના સંશોધનને માટે મુનાસિબ અને મઆખઝ અર્થાત શ્રોતો (આધાર) મેળવી શકે. અને પોતાના સંશોધનને સહેલાઈથી પુરું કરી શકે.

મુસલમાનોને એ વાત બદલ પુરો ગર્વ છે કે ફેહરિસ્ત નવીસીમાં સહુથી પહેલાં તેમણે જ ૩૭૭ હિજરી સનમાં "અલફેહરિસ્ત" નામની કિતાબ પેશ કરી જે "ફેહરિસ્તે -ઈબ્ને - નદીમ" ના નામે આજે પણ વિખ્યાત છે એને અબુલફર્જ મુહંમદ બિન ઈસ્હાકે સંકલિત કરેલ છે. આ પુસ્તક વિવિધ મઝહબી ઈસ્લામી તેમજ બિન ઈસ્લામી કિતાબોની સૂચિ છે જે અત્યંત ઉપયોગી છે. બીજી ફેહરિસ્ત "ફેહરિસ્તે શેખ" ના નામે મશહૂર છે જેને શીયાઓના મહાન આલિમ શેખુત તાઈફહ મુહંમદ બિન હસન બિન અલી તૂસી રહ. (૩૮૫ - ૪૬૦ હી.) એ લેખલ છે. જેમાં આપે સેંકડો કિતાબો તથા રસાઈલે - ઈમામીઆનું વર્ણન કર્યું છેજે તેમના જમાના સુધીમાં લખાઈ ગઈ હતી.

અત્રે એ અરજ કરી દઈએ કે પશ્ચિમવાસીઓએ સહુથી પહેલી ફેહરિસ્ત **(BIBLIOGRAPHY)** (બીબ્લીઓગ્રાફી) ૧૬૩૩ ઈસ્વીસનમાં પેરિસમાં પ્રગટ કરી હતી.

મુસલમાનોમાં ફેહરિસ્તનવાસીનો રિવાજ આજ લગી ચાલતો આવ્યો છે જેનાથી તેઓના ઈલ્મી રસઅને તેહકીકી મિઝાજનો અંદાજ થઈ શકે છે. કુરઆની આયતો જાણવા માટે "મોઅજમુલ મુફહરરસિ" પ્રગટ થઈ ચુકી છે જેના વડે આપણે કુરઆનની એકએક આયતીન ભાઈ મળવી શકીએ છીએ કે કઈ આયત કઈ સૂરહમાં છે વિગેરે વિગેરે ....

સન .... ૧૩૯૭ હિજરીમાં ઈમામ મહેદી (અ.સ.) પર લખવામાં આવેલી કિતાબોની એક ફેહરિસ્ત "કિતાબનામને ઈમામ મહેદી" ના નામે તેહરાનથી પ્રગટ થઈ. એજ જાતની બીજી એક ફેહરિસ્ત "કિતાબનામએ પયગમ્બર (સ.)" ના નામે ૧૪૦૨ હિ.સ. માં તેહરાનથી જ છપાઈ જેમાં પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) સંબંધી ઈસ્લામના ઉદયકાળથી લઈને આજ પર્યત લખવામાં આવેલી કિતાબોને એકઠી કરવાની કોશિશ કરવામાં આવી છે.

આ લેખમાં અમે એવો પ્રયત્ન કરીશું કે ઈમામ મહદી (અ.સ.) પર લખવામાં આવેલી કિતાબો પર એક એક ટુંકી નોંધ રજુ કરીએ. જેમાં આપ (અ.સ.) ના જન્મ ગયબત, લાંબી ઉંમર, તથા અન્ય વિષયો પર લખવામાં આવેલ કિતાબોનું વર્ણન કરીએ.

ઈમામે ઝમાના (અ.સ.) ની યાદ એમના સાચા મુન્તઝરીને ચુસ્ત તથા કાર્યરત રાખે છે અને તેમનાં દિલોને સંતોષ તેમજ રાહત પ્રદાન કરે છે. ફતેહ અને કામરાથી તથા નેક લોકો અને સાલેહીનની અમન - અમાનવાળી હુકુમતની બશારત આપે છે.

હઝરત બકિયતુલ્લાહીલ અઅઝમ (અ.સ.) આસમાને - વિલાયતના આખરી સૂરજ અને ખાનેદાને - મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) ના અંતિમ "ઈલાહી રાહબર" છે અને પૃથ્વીપઘર પર કયામતે - કુબરા લગી આપ જ ઈમામે - બરહક અને હુજ્જતે - ખુદા છે.

ઈસ્લામના આરંભથી જ ખુદાવંદે - આલમે પોતાના મહાન પયગમ્બર ખતમી મરતબત ખુલુકેઅઝીમ હઝરત મુહંમદ મુસ્તુફા (સ.અ.વ.) ના મુખેથી આ અઝીમ રાહબર અને આખરી હુજ્જતની ઓળખ આમ તથા ખાસ વિવિધ અંદાઝમાં કરતા રહ્યા છે તે એટલે લગી કે આપ (સ.) ની રેહલત પછી અઈમ્મએ - મઅસુમીન (અ.સ.) ની મારફતે એમના ઝહૂર, જન્મ, ગયબત ઈન્તેજાર અને શીયાઓની જવાબદારીઓ વિગેરે બાબતની હદીસો વારિદ થતી રહી છે જેથી હક અને બાતિલની ઓળખ કાયમ રહે અને લોકો મહદીએ - મવઉદનો ઈન્તેજાર તેમના ઝૂહુર સુધી કરે અને મુતમહદીયાન (નકલી મહદીઓ જેવા કે મિરઝા ગુલામ અહમદ કાદિયાની મિરઝા અલી મુહંમદ બાબ વિગેરે)ના ચુંગલમાં ન ફસાય.

હઝરત મહદી (અ.સ.) ની બાબતમાં જે માન્યતાઓ કે અકીદાઓ છે તેમનો સહુથી વધુ અઘરો અકીદો એ હઝરત (અ.સ.) ના સામાન્ય જનોથી છુપા હોવાનો અકીદો છે જેને આપણે અકીદએ - ગયબત કહીએ છીએ શાયદ એજ સબબસર ઈમામે ઝમાના (અ.સ.) ના જન્મ પહેલાં જ આલિમો મુહદદિસો અને ફકીહોએ આપ (અ.સ.) ની ગયબત પર ન માત્ર હદીસો જે ભેગી કરી છે બલ્કે કિતાબોની તાલીફ પણ કરી છે. નમુના તરીકે અમે તે અમૂક મુવલ્લિફીનનાં નામો લખી રહ્યા છીએ. જેમની કિતાબોનું નામજ "ગયબત" છે.:-

(૧) અલી બિન હસન બિન મુહંમદ તાઈ તાતરી આપ ઈમામ મૂસા બિન જઅફર (અ.સ.) ના સહાબીઓમાંથી હચતા અને ફકીહ તથા

મવસ્સક (ભરોસાપાત્ર) હતા. (રિજાલે - નજાશી, પ્ર. ૧૯૩)

(૨) અલી બિન ઉમર અઅરજ કૂફી અસ્હાબે - મુસા બિન જઅફર (અ.સ.)

(૩) ઈબ્રાહીમ બિન સાલેહ કૂફી. અસ્હાબે - મૂસા જઅફર (અ.સ.)

(૪) હસન બિન અલી બિન અબી હમ્ઝહ. ઈમામ રેઝા (અ.સ.) નો જમાનો.

(૫) અબ્બાસ બિન હિશામ નાશિરી અસદી (વફાત : ૨૨૦ હી.) ઈમામ રેઝા (અ.સ.) ના સહાબી

(૬) ફઝલ બિન શાઝાન નીશાપુરી નજાશીએ લખ્યું છે કે આપ ઈમામી ફકીહો અને મુતકલ્લીમીનમાંથી છે અને આપે ૧૮૦ કિતાબો લખી છે. શેખ તુસીએ રિજાલમાં લખ્યું છે કે આપે ઈમામ હાદી (અ.સ.) અને ઈમામ હસન અસ્કરી (અ.સ.) ના સહાબીમાંથી છે.

(૭) ઈબ્રાહીમ બિન ઈસ્હાક અહમરી નહાવન્દીએ ગયબત પર કિતાબ લખી છે અને કાસિમ બિન મુહંમદ હમદાનીએ એમનાથી સન ૨૯૦ માં હદીસો સાંભળી છે.

તબરસી નકલ કરે છે કે હઝરત વલીએ - અસ્ર (અજ્ઞ્જ) વડવાઓથી હદીસો નકલ થઈ છે અને શીયા મુહદદિસોએ એમને ઉસુલની કિતાબોમાં અને ખાસ કરીને તે કિતાબોમાંકે જે ઈમામ બાકર અને સાદિક (અ.સ.) ના જમાનામાં તાલીફ (સંકલીત) થઈ હતી. નકલ કરવામાં આવી છે. એક મુઅતબર અને મુવસ્સક મુહદદિસ હસન બિન મહબૂબે "મશીખહ" કિતાબ સંપાદિત કરી છે જેમાં ગયબતની ખબરો ઘણીબધી આપવામાં આવેલ છે. (સાહિબે - નઝર સંશોધકો મજકૂર મુવલ્લિફોના અહેવાલ રિજાલની કિતાબોમાં જોઈ શકે છે.)

**ઈમામે - ઝમાના (અ.સ.) પર કાયમી (સંપૂર્ણ) કિતાબોઃ**

આસરે ૩૨૫ કિતાબો અરબી, ફારસી, ઉર્દૂ અન બીજી ભાષાઓમાં લખાયેલ છે જે અમારી જાણમાં છે. સિવાય ન જાણે કેટલી કિતાબો એવી હોઈ શકે છે જે અમારી જાણમાં નથી આવી.

આ ઉપરાંત આવી અસંખ્ય કિતાબો છે જેમાં હઝરત મહદ (અ.સ.) ની બાબતમાં અમુક પ્રકરણો આવ્યાં છે. અથવા આપના અહેવાલ ટુકમાં લખાયા છે. અમૂક કિતાબોમાં માત્ર અમૂક હદીસો નકલ કરવામાં આવી છે. એમ કહો કે ઉસૂલ અને અકાઈદની કિતાબોમાં સામાન્ય રીતે હઝરત માદી (અ.સ.) બાબત રિવાયતો તથા હદીસો નોંધવામાં આવેલ છે.

ખુલાસારૂપે એક નાનો કોઠો તૈયાર કરવામાં આવે છે. સંખ્યા અમારા અંદાજ અનુસારની છે. એમાંની કાંતો અમારી નજર પડે છે ક પછી અમે એમના નામો સાંભળ્યા છે :-

| ભાષા | કાયમી (સંપૂર્ણ) કિતાબો અંદાજે | આંશિક ઉલ્લેખવાળી અંદાજે | કુલ |
|---|---|---|---|
| ૧. અરબી | ૧૦૦ | ૫૦ | ૧૫૦ |
| ૨. ફારસી | ૧૫૦ | ૨૫૦ | ૪૦૦ |
| ૩. ઉર્દૂ | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| ૪. અંગ્રેજી | ૧૦ | ૨૦ | ૩૦ |
| ૫.ગુજરાતી | ૧ | ૪ | ૫ |
| એકંદર | ૩૧૧ | ૩૭૪ | ૬૮૫ |

આ કિતાબો બાબત વધુ માહિતી માટે ઈમામે ઝમાના (અ.સ.) ની બાબતમાં યોજનાર પુસ્તક પ્રદર્શન જે છેલ્લાં ૫/૬ વરસોથી કેસર બાગ ડુંગરી, મુંબઈ - ૯ માં નીમએ - શાબાનના મોકા પર ગોઠવાય છે. તે આ વર્ષે પણ તા. ૧લી એપ્રિલથી ૨જી એપ્રિલ ૧૯૮૮લગી યોજનાર છે તેમાં આપ સાંજે ૬:૩૦થી રાતના ૯:૩૦ વાગ્યા સુધી કોઈ પણ સમયે પધારી શકો છો અને વિસ્તૃત જાણકારી મેળવી શકો છો અને કિતાબોના દીદાર પણ કરી શકો છો.

હવે અહિયાં અમે અમૂક મશહૂર પુસ્તકોનો પરિચય પેશ કરીયે છીએ.

(૧) "કિતાબુલ ગયબહ" : હિજરી સનની ચોથી સદીમાં મુહંમદ બિન ઈબ્રાહીમ બિન જાફર નોમાનીએ તાલીફ કરી. આ કિતાબ તસહીહ અને તેહકીક પછી છેલ્લે તેહરાનના "મકતબુસ સદૂક" થી પ્રકાશિત થઈ.

(૨) "કમાલુદ્દીન" શેખ સુદૂકે તાલીફ કરી છે આપને (રહ.) "રઈસુલ મુહદદિસીન" ના ઈલ્કાબથી નવાજવામાં આવેલ છે. આપે હિ.સ. ૩૮૧માં વફાત પામ્યા. આ કિતાબ અઈમ્મએ - અત્તહારની હદીસો પર આધારિત છે.

(૩) "ખુમ્સ રસાઈલ ફી અસાબતિલ - હુજ્જહ" શેખ મુફીદ (વફાત : ૪૧૩ હી.) આ મહામોલી કિતાબ હઝરત મહદી (અ.સ.) ના બારામાં કલામી બહસો ધરાવે છે.

(૪) "અલબુરહાન અલ સિહતે તૂલિ ઉમરિલ ઈમામે સાહિબુઝ ઝમાન" બુઝુર્ગ આલિમે - દીન મુહંમદ બિન અલી બિન ઉસ્માન અલ કરાજ કી (વફાત - ૪૯૯ હી.) એ લખેલ છે. આ કિતાબ સન ૪૨૭ હિજરીમાં વલીએ અસ્ર (અ.સ.) ની લાંબી ઉંમરની સાબિતીમાં લખવામાં આવેલ છે. આનાથી જણાય છે કે હઝરત - કાએમ (અ.સ.) ની "લાંબી ઉંમર" ની બાબતમાં ચર્ચા તે જમાનાથી જ ચાલતી આવી છે.

(૫) "કિતાબુલ ગયબહ" : તાલીફ : શેખુત તાઈફહ અબી જાફર બિન હનુતતૂસી (વફાતઃ૪૬૦)

(૬) અલમલાહમ વલ ફિતન : તાલીફ : સૈયદ બિન તાઉસ (વફાત : ૬૬૪ હી.)

(૭) કશફુત તઅમિયહ ફી હુકમિત તસમિયહ : શેખ હુર આમિલી (૧૦૩૩ - ૧૧૦૪) તાલીફ : ૧૦૭૭

(૮) બેહારુલ અનવાર તાલીફ : અલ્લામહ મજલિસી (વફાત : ૧૧૧૧ હી.) પહેલા પ્રકાશનનો ૧૩ મો ભાગ અને નવું પ્રકાશન ૩ ભાગોમાં છે. જીલ્દ નં. ૫૧,૫૨,૫૩.

(૯) "મીકિયાલુલ મકારમ" તાલીફ : સૈયદ મહંમદ તકી મૂસવી ઈસ્ફહાની (સંકલન : ૧૩૪૮ હી.)

(૧૦) "મુન્તખબુલઅસર ફીલ ઈમામિસસાની અશર" તાલીફ : લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની.

(૧૧) "અહહાકુલ હક" ભાગ : ૧૩ તાલીફ : કાઝી નુરુલ્લાહ શૂસતરી આપ શહીદેસાલિસના નામે પ્રખ્યાત છે. આગ્રામાં આપનો મકબરો છે.

ઉપરની કિતાબોમાં મોટા ભાગની કિતાબોનો ફારસીમાં અનુવાદ થઈ ચુક્યો છે.

નીચે અમૂક એવી કિતાબોના નામ આપવામાં આવે છે જે ફારસીમાં લખાએલી છે અને જે ઘણી લાભપ્રદ તથા સરળ છે.

(૧) "દાનિશમંદાને આમ્મહ વ મહદીએ – મવઉદ" લેખક : અલી
(૨) "નજમુસ સાકિબ" હાજ્જ મીરઝા હુૈન તબરસી નૂરી
(૩) "નવેદે અમ્નો અમાન" લુત્ફુલ્લાહ સાફી.
(૪) "ક્યોમો ઈન્કિલાબે મહદી" મુરતુઝા મુતહહરી

ઉર્દૂભાષી સજ્જનોને માટે અમૂક ઉર્દૂ કિતાબોનાં નામો નીચે આપવામાં આવે છે.

(૧) બહારે ઈન્કિલાબ (૨) મહદિયુલ મુન્તઝર (૩) મહદિએ મવઉદ (૪) દૂર્રે મકસૂદ (૫) ફલસફએ - ઈન્તેઝાર (૬) દીદારે નૂર (૭) શર્હે દુઆએ નુદબહ (૮) ખત્મ હુઇ અંધારી રાત (૯) ઈન્કિલાબે ઈલાહી (૧૦) સવાનેહ ઉમ્રીએ હઝરત ઈમામ મહદી (૧૧) સિપહરે ઈમામત કા બારવાં બુર્જ (૧૨) મુલાકાતે ઈમામ (૧૩) ઈન્તઝાર (૧૪) કયામ વ ઈન્કિલાબે મહદી (૧૫) મહદવિયત ઔર આમ ફરેબી

ઉપરોક્ત કિતાબોમાં આખે આખી રીતે ઈમામે ઝમા (અ.સ.) ના અહેવાલ વર્ણવવામાં આવેલ છે એ ઉપરાંત અમૂક મહત્વની કિતાબો એવી પણ છે જેમાં મહદી (અ.સ.) બાબત બાબ કે પ્રકરણો આવેલા છે અને તે આ છે. :

(૧) ચવહદ સિતારે (૨) ઉસુલે દીન (૩) વસીલતુન નજાત (૪) ઝર્બતે હયદરી (૫) મવાઅઝએ હસનહ (૬) અકાઈદુશ શીઆ

અંગ્રેજીભાષી ભાઈઓને માટે પણ અમુક કિતાબોનાં નામો આવેલા છે અને તે આ પ્રમાણે છે :

(1) The Awaited Saviour
(2) The Twelfth Imam
(3) The promised Imam
(4) An Inquiry Concerning Al- Mahdi
(5) Mahdi, the Awaited Saviour.
(6) Occultation of Imam Mahdi
(7) Roots of Religion.
(8) Al-Irshaad.

ગુજરાતી ભાષામાં "ઈમામ – ગાઈબ" અને "દીદારે નૂર" જેવી બેહતરીન કિતાબો મવજૂદ છે.

મુહતરમ વાંચક, કિતાબોની બાબતમાં જાણકારી ઉપલબ્ધ કરવાનો એ સિવાય કોઈ હેતુ નથી કે ઈમામે ઝમા (અ.સ.) પર લખવામાં આવેલ કિતાબો સર્વસામાન્ય બન અને આપણા જુવાનો નવજવાનો અને બુઝુર્ગો એ કિતાબો તરફ રજુ થાય બીજા શબ્દોમાં કહીએ તો ઈમામ (અ.સ.) ના અહેવાલથી આગાહ થાય અને તેમની મુહબ્બત તથા મઅરેફત અંતરના ઉંડાણમાં ઉતરી જાય નહિતર ક્યાંક એવું ન થાય કે ઈસ્લામના દુશ્મનો ઈમામે – ઝમાના (અ.સ.) ની બાબતમાં શંકા – કુશંકાઓ ઉત્પન્ન કરીને આપણને ઈસ્લામી અકીદાઓથી ફેરવી નાખે અને આપણે હશરના દિવસે તમન્ના કરીએ કે કાશ આપણે મહદીએ–મવઉદની બાબતમાં માલુમાત મેળવી લીધી હોત તો કેવું સારું.

"મન મા ત વ લમ યઅરિફ ઈમામ ઝમાનિહિ માત મિતતલ જાહિલિયયહ."

(જે માણસ ઈમામે – ઝમાના (અ.સ.) ને ઓળખ્યા વગર આ દુનિયામાંથી ઉઠી જાય તે જાહેલીયત (કુફ્ર) નું મૌત મર્યો.)

# જાને ઇન્તેઝાર

તુ ઇબ્તેદા સે ગૈબ મેં હય નૂરે ઝુલજલાલ
તેરે કયામ મેં હય કયામત કા એઅતેદાલ
તેરા વજુદ દૌરે ઇમામત કા હય કમાલ
ખુદ તેરે ઘરમેં તેરી ઇમામત હય બે મીસાલ

હર ઝાવે સે તેરા શરફ લા જવાબ હય
તેરા શબાબ દિને ખુદા કા શબાબ હય

હમ કો યંહી હય ઇસ લીએ કરતે હય ઇન્તેઝાર
હમ કોનબી (સ.) કી બાત પે કામીલ હય એઅતેબાર
હમ જાનતે હય નફસે મોહમ્મદ (સ.) કા ઇક્તેદાર
હમ માનતે હય કાદીરે મુતલક હય કીર્દગાર

જીસ્કો યંકી નહી હય તેરે ઇન્તેજાર મેં
શક કર રહા હય કુદરતે પરવરદિગાર મેં

કુરઆન કહે રહા હય સબ કી મુન્તઝીર રહે.
કા બા ગવાહ હય કે નબી (સ.) મુન્તઝીર રહે.
હક કે વલી નબી કે વસી મુન્તઝીર રહે .
ખુદ જાને ઇન્તેઝાર અલી મુન્તઝીર રહે

સાબીત હુવા પસન્દે મશીય્યત હય ઇન્તેઝાર
સબ સે બડી રસુલ કી સુન્નત હય ઇન્તેઝાર

અલ્લામા અખ્તર ઝૈદી